Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ગીતાંજલિ

- ભાવાનુવાદ -

ધૂમકેતુ

69 ग
२५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या ...... 61 ग / 2 ६

पञ्जिका संख्या 20503

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

२०५०२

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CHECKED 1973
Initial

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ગીતાંજલિ

ભાવાનુવાદ

ધૂમકેતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: પ્રકાશક :
શંભુલાલ જગશીભાઈ શાહ
ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધીરસ્તો : અમદાવાદ

: મુદ્રક :
ગોવિંદલાલ જગશીભાઈ શાહ
શારદા મુદ્રણાલય
પાનકોર નાકા : અમદાવાદ

૨-૮-૦
પહેલી આવૃત્તિ : ૧૯૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જે ગાન કાને જાય ના શોના,
શે ગાન જે થાય નીત્ય બાજે,
આનેર બીના નીયે જાબો
શેઈ અલતેર શાભાર માઝે
ચીર દીનેર સુરહી બેંધે
શેષ ગાને તાર કાન્ના કેંદે
નીરવ જિનિ તાહાર પાયે
નીરવ બીના દીબો ધરી.'

[મારી વીણા જ્યારે પોતાનું છેલ્લું આક્રંદ ઠાલવી દેશે, ત્યારે એ નીરવ વીણાને હું નીરવને ચરણે ધરી દઈશ.]

[૯૮, પૃષ્ઠ ૧૩૪]



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ધૂમકેતુ'
ની
'યુગદર્શન ગ્રંથમાળા'

[કેટલાંક પ્રકાશનો]

મેઘબિંદુ

તેજબિંદુ

જલબિંદુ

તુષારબિંદુ

રજકણ

પદ્મ રેણુ

જિબ્રાનની જીવનવાણી

જીવનપંથ

પગદંડી

વાતાયન

જિબ્રાનની જીવનવાટિકા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



*પ્રસ્તાવના

'ચારે તરફ વિસ્તીર્ણ ફેલાયલા મહાન કાલ સમુદ્રની વચ્ચે, આપણું આ 'જીવન' એ એક નાનો સરખો જાણે 'દ્વીપ' છે. એ જીવનને પોતાનું ગીત ગાવાનું છે: અને પોતાનો એક કોયડો પણ એને ઉકેલવાનો છે: અને જીવનની આ ખૂબી તો નિહાળો! માણસને મળેલાં રાગ, દ્વેષ, પ્રેમ, આનંદ, દયા, ક્રોધ, મોહ, ત્યાગ, એવી એવી અનેકવિધ વૃત્તિઓની ફૂલગૂંથણીમાંથી, એને પોતાનું ગીત મેળવવાનું છે. અને એના કોયડાનો ઉકેલ પણ એમાંથી જ એને જડવાનો છે.

'એક નાની સરખી વનવાટિકાનો માળી પણ જાણે છે કે એના ફૂલના મોહક રંગો ભલે સૂર્યમાંથી આવતા હોય, પણ એ છુપાયા છે તો એની પેલી કચરાખાતરની ઢગલીમાં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'**અને છતાં** આશ્ચર્યનું આશ્ચર્ય તો આ છે કે માણસ જેવો માણસ, પોતાની વિવિધ વૃત્તિઓની રંગબેરંગી જાજમ પાથરીને, એના ઉપર જીવનસંગીતની મહેફિલ જમાવવાને બદલે, એ તો એમનાથી હેરાન પરેશાન થયા કરે છે. અને જીવન જેવું જીવન, એક નાના ફુત્કાર જેવા ક્રોધને માટે, કે પરપોટા જેવા અભિમાન માટે કે સાંધ્ય રંગોની સુરખીના આભાસી દેખાવ સમા થોડા વખતના મોહ ભભકા માટે, વેડફી નાખે છે. એનું જે દિવ્ય સંગીત ગગન સુધી પહોંચવાનું છે, તેનો એક સ્વર એને જડતો નથી કે એનો કોયડો, જેનો ઉકેલ થતાં, આનંદ મહોદધિની છોળ ઉપર છોળ ઊડવાની છે, એ કોયડાનો પણ કોઈ જ અર્થ એને જડતો નથી.—અને જીવન તો પૂરું થાય છે!'

['**જિબ્રાનની જીવનવાટિકા**'માંથી]

•

જિબ્રાનના આ શબ્દોમાં રહેલી ફિલસૂફી—માણસનું જીવન માણસ પોતે પોતાનામાંથી ઘડી શકે તેમ છે, એ ઘણે અંશે, તમામ સંતભક્તો અને મહાન કવિઓની વાણીમાં ઠેર ઠેર વેરાયેલી ઉક્તિઓનો પ્રકાશ આપે છે.

કવિવર ટાગોર એક જગ્યાએ [સાધનામાં] કહે છે:

'To understand anything is to find in it, something which is our own.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી જગ્યાએ પણ કહ્યું છે :

'Give us strength to love, to love fully, our life in its joys aud sorrows, in its gains and losses, in its rise and fall.'

[મને એ શક્તિ મળો, જે શક્તિ વડે હું જીવનને, એના બધા જ સ્વાંગમાં સંપૂર્ણ પ્રેમ વડે અપનાવી શકું : પછી પ્રસંગ આનંદનો હો કે દિલગીરીનો, ફાયદાનો હો કે ગેરફાયદાનો, ઉદયનો હો કે અસ્તનો !]

જીવન પ્રત્યે કોઈ પણ સંજોગોમાં નિરાશ ન થવાનો, આશાનો અને શ્રદ્ધાનો અને પ્રેમનો આ મહાન સંદેશો ગીતાંજલિમાં પણ ઠેર ઠેર મળી આવે છે. જીવનને આપણે ચાહવું જોઈએ એમાં આમ છે કે તેમ છે માટે નહિ, પણ 'નહિ એસો જનમ વારંવાર' માટે. એ જીવન છે માટે.

ગીતાંજલિની લોકપ્રિયતાનું આ એક રહસ્ય છે કે એના ઊંડામાં ઊંડા વિષાદને આશાનો સોનેરી રંગ લાગેલો છે. જીવન પ્રત્યેની આ **અચળ શ્રદ્ધા**, દુઃખીમાં દુઃખી દિલને પણ, આશ્વાસનનો જે સંદેશો આપે છે, એ સંદેશો અમર છે. અને સેંકડો વર્ષ પછી જન્મેલાને પણ, એના જમાનાનાં સુખ દુઃખ, આશા નિરાશા, ઉદય અસ્ત, જીવનનાં બધાં જ પાસામાં થઈ ને વહેતું સોનેરી આશાનું અચળ પ્રેમઝરણું બતાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ગાર્ડનર'માં એક સુંદર ગીત આવે છે—

'Who are you, reader, reading my poems an hundred years hence?

'I cannot send you one single flower from this wreath of the spring, one single streak of gold from yonder clouds.

'Open your doors to look abroad.

'From your blossoming garden gather fragrant memories of the vanished flowers of an hundred years before.

'In the joy of your heart may you feel the living joy, that sang one spring morning, sending it's glad voice across an hundred years.'

[એક સો વર્ષ પછી પોતાની કવિતા વાંચનારાને કવિ કહે છે કે ભાઈ! મારી વસંતકુંજનું એક પણ પુષ્પ હું તને મોકલી શકું તેમ નથી. એક પણ સોનેરી વાદળની રંગ-રેખા આપી શકું તેમ નથી. પણ તું તારું દ્વાર ખોલીને બહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃષ્ટિ કર. તારીજ ખીલી રહેલી જીવનવાટિકાનાં અસંખ્ય પુષ્પોને જો ! એકાદ સો વર્ષ પહેલાં ખરી ગયેલાં એ પુષ્પોની સ્મૃતિ-સુગંધમાંથી તારી એ જીવનવાટિકા ખીલી રહી છે.]

કેટલો સુંદર ભાવાર્થ આ વાક્યમાં છુપાયેલો છે! જીવનમાં એક વખત જે અત્યંત પ્રિય વસ્તુઓ હતી, તેના મોહ રાગની ભસ્મમાંથી આ નવીન વાટિકા સરજાયેલી છે! જીવન આગળ વધે છે, એ વસ્તુ પણ કવિએ આમાં ધ્વનિત રીતે મૂકેલી છે.

આત્મા વડેજ આત્માને ઉદ્ધારવો એ ચિરંતન સત્યને કવિ આટલી સુંદર રીતે મૂકે છે.

કવિવર ટાગોરની વાણીમાં અનેક સુંદર અર્થોની તેજ-છાયા ધ્વનિત હોય છે. 'ગીતાંજલિ'માં એની પરાકાષ્ટા જોવા મળે છે.

'ગીતાંજલિ' કવિવરનો શ્રેષ્ઠ કાવ્ય ગ્રંથ ગણાય છે. એમને ૧૯૧૩ માં 'નોબલ પ્રાઈઝ' મળ્યું તે આ પુસ્તક માટે. એક રસિક માહિતી આ સંબંધમાં એક જગ્યાએ જોવામાં આવી હતી કે કવિવર ટાગોરને જે વર્ષે 'નોબલ પ્રાઈઝ' મળ્યું, તે સમયે એના એક બીજા અધિકારી પ્રત્યે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ દૃષ્ટિ પડી હતી. આ બીજા અધિકારીનું નામ ખલિલ જિબ્રાન. અને એનું પુસ્તક The Prophet.

કવિવરને આ 'નોબલ પ્રાઈઝ' મળ્યું તે પહેલાં જગ-દીશચંદ્ર બોઝે એમની કેટલીક વાતો અંગ્રેજીમાં ઉતારેલી. તે વખતે ઇંગ્લંડમાં રહેલા પ્રિન્સ ક્રોપોટકીનના જોવામાં એ આવી. એ મુગ્ધ થઈ ગયા. એમણે એક અમેરિકન ગ્રંથવિક્રેતાને મોકલેલી. ત્યાંથી એવી નોંધ સાથે એ પાછી ફરી, કે લેખક ખાસ જાણીતા નથી, એટલે દિલગીર! કવિવરને આપણા દેશે પણ મોડા પિછાન્યા હતા, તે યાદ રાખવા જેવું છે.

કવિવર ટાગોરની આ ગીતાંજલિની પાછળ કવિહૃદયની જેવી તેવી વેદનાનો પ્રકાશ નથી. ગીતાંજલિનો જન્મ થયો એ વિષે કવિએ પોતે જ એન્ડ્રુયુઝ સાહેબને એક વખત કહ્યું હતું :

'I composed them in solitude durnig my sorrow, without any idea of publication.'

આ જે sorrow–તે કવિવરનાં પત્નીનું મૃત્યુ. પુત્રીનું મૃત્યુ. પણ તે પછી, કોલેરાને લીધે તેમના સૌથી નાના પુત્રનું મૃત્યુ થયું તે. આ છેલ્લો ઘા અસહ્ય હતો. કવિવરે પોતાના એ પુત્રમાં 'શિષ્યાત્ પુત્રાત્ ઇચ્છેત્ પરાજયમ્' એવી કવિપ્રતિભા



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિહાળી હતી.

આ હૃદયવિદારી શોકપરંપરા જેણે સામાન્ય માનવને કાંઈ જ ન આપ્યું હોત—કે બહુમાં બહુ તો થોડા દિવસોનાં આંસુ આપ્યાં હોત—તેણે કવિવરને, એક નવો આધ્યાત્મિક જન્મ આપ્યો. 'Life has become richer by the love that has been lost' કવિવરે મૃત્યુ સાથે જે જે વાત કરી છે, તે એટલી સુંદર છે કે માણસને જીવન મહાન લાગે: પણ મૃત્યુ મિત્ર લાગે, પ્રિય લાગે. જીવનનું જીવન લાગે. ગીતાંજલિની નીચેની કાવ્યપંક્તિ એ વિષે ઠીક પ્રકાશ આપી જાય છે:

'O thou the last fulfilment of life, Death,
my death, come and whisper to me
Day after day have I kept watch for thee;
for thee, have I borne the joys and pangs
of life.

All that I am, that I have, that I hope
and all my love have ever flowed towards
thee in depth of secrecy.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Give final glance from thine eyes and my life will be ever thine own.

૧૯૧૨માં કવિવરને લાંબી માંદગી આવી. એ વખતે ઈંગ્લંડ ગયા ત્યારે ગીતાંજલિનું અંગ્રેજી ભાષાંતર એમણે કર્યું. આયર્લૅંડના કવિ W. B. Yeats લખે છે કે આ ભાષાંતરનાં કાગળિયાં હું સાથે ને સાથે ફેરવતો, ને ગાડીમાં કે બસમાં કે ગમે ત્યાં, જરાક વખત મળે કે તરત એ વાંચતો. અને એ વાંચતાં મારું હૃદય જે અનુભવતું એ કોઈ દેખી ન જાય માટે વારંવાર મારે વાચન બંધ કરવું પડતું. એટલી અદ્‌ભુત એની અસર હતી. મેં જીવનભર જે સ્વપ્ન સેવ્યું હતું, તે સ્વપ્નની દુનિયા આ કાવ્યોમાં મેં જોઈ.

અને ખરેખર આ ગીતાંજલિનાં કાવ્યો વાંચવા માટે નથી, વાંચી જવા માટે પણ નથી, કોઈની પાસે વાંચવા માટે પણ નથી, મોટેથી બોલવા માટે પણ નથી, કવિવરે જે મૌનનો મહિમા ગાયો છે, તે મૌનમાં બેસીને એની એક અદ્‌ભુત હવા અનુભવવા માટે એ છે. આ કાવ્યોમાં સુગંધ અને સૌન્દર્ય-ભર્યા શબ્દોની જે હવા છે, તે હવા અનુભવવા ઇચ્છનારે એમને અત્યંત શાંત વાતાવરણમાં પોતાના મન સાથે વાત માંડી હોય તેમ, વાંચવાં રહ્યાં. આ કાંઈ મૂઠીઓ વાળીને ધૂમ



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધડાકા કરતા ખોટા ક્રાંતિવાદીઓનાં ખોટાં કાવ્યો નથી. એ તો માનવદિલને ધીમે ધીમે ઊર્ધ્વીકરણને પંથે લઈ જનાર મહા કવિવરના ક્રાન્તદર્શી શબ્દો છે.

ગીતાંજલિનાં આ કાવ્યોના જન્મ વિષે કવિવરે આગળ જે કહ્યું છે તે બરાબર છે. આમાં જે પ્રીતિની વાત છે તે માનવપ્રીતિની વાત નથી. ઈશ્વરના પ્રેમની એ વાત છે. એ પ્રેમમહાલયનું દ્વાર ખોલનાર મૃત્યુ પોતે છે. અને એ મૃત્યુ-એ જીવનની સંપૂર્ણતા છે. જીવનનો વિનાશ કે વિલુપ્તિ નહિ. કદાચ જીવનની સફળતા, મૃત્યુમાં જીવનની સંપૂર્ણતા જોવી, એમાં છે. એ વિરામ ચિહ્ન છે: પણ આગળનો પંથ બતાવનારું.

કવિવરે કાવ્યો, નાટકો, નવલકથાઓ, વાર્તાઓ, તત્ત્વ-ચિંતનના ગ્રંથો, સંસ્મરણો, ચિંતનકણિકાઓ, અનેક પુસ્તકો લખ્યાં છે. અને એમનું સાહિત્ય એ વિશ્વસાહિત્ય બન્યું છે. હિંદની ઘણીખરી પ્રાંત ભાષાઓમાં એમની પ્રતિભાની છાયા ફેલાયેલી છે.

કવિવરના શબ્દો કવિવર પાસેથી સાંભળનાર એમને કદી ભૂલ્યા નથી. ટાગોર 'Golden Book'માં એવાં ઘણાં સંસ્મરણો પ્રગટ થયાં છે. એમની મુખમુદ્રા, એમનો એ શાંત રજતરણત્કાર સમો, પ્રેમઝરણું આવતું હોય તેવો સુંદર સ્વર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એમની સૌન્દર્યભરી દેહ, એ જોવાં એ એક લહાવો હતો. આ લખનારે એમને ઘણા નિકટથી જોયા, ત્યારે પહેલી છાપ એ પડેલી કે આ કોઈ વૈદિક ઋષિ આંહીં ભૂલા પડી ગયા છે.

એમના વિષે કહી શકાય કે એમના જીવનના અણુએ અણુમાં સૌન્દર્ય ઓતપ્રોત હતું. જર્મન નાટકકાર હર્મન કયઝરલિંગ લખે છે કે મારે ત્યાં 'ગ્રાફોલોજી'નો એક સંશોધક 'Noble Soul' ઉન્મત આત્માઓના અક્ષરો જોવા નીકળેલો હતો, તે આવી ચડેલો. મેં મારી નોંધપોથીમાંનાં ઘણા મોટા માણસોના અક્ષર નમૂના એને બતાવ્યા, પણ એનું મન માન્યું નહિ. એને જોઈતી વાત એમાંથી ન મળી. જ્યારે ટાગોરના અક્ષરો એણે જોયા, ત્યારે એની આંખમાં ખરેખર આંસુ આવી ગયાં. અને એ તરત બોલી ઊઠ્યો : 'કેટલો સુંદર અને કેટલો ઉદાત્ત આત્મા આ અક્ષરોમાં છુપાયલો છે.'

એમર્સનના અક્ષરો આ લેખકે પહેલવહેલા જોયા, ત્યારે એ જ છાપ અકસ્માત ઊઠ્યાનું સંસ્મરણ છે.

કવિવર ટાગોરે જીવનભર ગાયું છે. એમણે લગભગ ત્રણ હજાર ગીતો લખ્યાં કહેવાય છે.

'ગીતાંજલિ'નો આ ભાવાનુવાદ છે. એમાં અક્ષરશઃ ભાષાંતર નથી કે શબ્દશઃ અનુવાદ પણ નથી. જ્યાં અર્થને



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડોક વધારે સ્પષ્ટ બનાવતાં રસાસ્વાદની વિશિષ્ટતા સધાતી લાગી, ત્યાં એ પ્રમાણે છૂટ લીધી છે. બધે જ નહિ, કોઈ કોઈ ઠેકાણે. એ છૂટ એવી લીધી નથી કે જેથી અર્થ અસ્પષ્ટ રહે ને મૂળને જ અન્યાય થાય. છતાં આવા મહાન કવિને સમજવા માટે જે મહત્તા જોઈએ, તે મહત્તાની કુદરતદીધી ખામી તો આમાં કવિવરના સાચા ચાહકોને જણાયા વિના નહિ રહે, અને ખૂંચ્યા વિના પણ નહિ રહે, પણ એમની પાસે કવિવરના શબ્દોમાં જ પ્રાર્થના કરવાની છે કે, આ તો મહાન સાગરને જોવા માટે આવેલા એક અજ્ઞાન શિશુએ, રેતપટમાં પોતાની ઘોલકી માંડી દીધી છે એમ સમજવાનું રહ્યું. એમાં જે કાંઈ સારું હોય, તેનો યશ એને છે, જેને યશની જરૂર નથી! અને જે કાંઈ અપૂર્ણ અને અનધિકાર જેવું લાગે, તેનો અપયશનો પોટલો મારે આંગણે આવે, તો એને સાહિત્યશુદ્ધિ માટેની કસોટી ગણીને સ્વીકારતાં, સાચા પંથનું દર્શન મને મળશે એ જેવો તેવો ફાયદો નથી.

કોલસા સાથે અડપલું કરનાર શિશુને કાળું ધાબું મળે, પણ કસ્તૂરી સુગંધ સાથેનું અડપલું પણ કાંઈક આપી જાય, એવી આ વાત થઈ.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશા છે કે આ મારો જેવો છે તેવો પ્રયત્ન, કાંઈક પણ મૂલ્યાંકનવાળો હશે. અને ગુજરાતી ભાષા બોલનારાઓને કાંઈક પણ આપી જશે. અને એમને ગમશે.

કવિ કાન્તનું પ્રગટ થયેલું ગીતાંજલિનું ભાષાંતર મેં જોયું છે, અને એમાંથી કોઈ કોઈ શબ્દની સહાય પણ મેળવી છે. પણ અક્ષરશઃ ભાષાંતર કરવાનો જ એ પ્રયત્ન હતો તેથી એમાં અસ્પષ્ટતા ને ક્લિષ્ટતા અનિવાર્ય રીતે આવી ગઈ હોય, તેમ લાગે છે. છતાં અત્યારે તો એ અને એવાં એક બે બીજાં ભાષાંતરો [રા. નગીનદાસ પારેખનું ગીત ભાષાંતર] જ આપણી ભાષામાં છે, એ દૃષ્ટિએ પણ આ પ્રયત્ન સ્વીકારવા જેવો જણાશે. આ ગ્રંથમણિને નમીને, એને ગુજરાતીમાં આણવા માટે આટલી જ પ્રાર્થના:

'I bow to you and hold up my
lamp to light you your way.'

માઘ પ્રતિપદા—
કર્ણાવતી નિવાસ
૨૩, સૌરાષ્ટ્ર સોસાયટી.
પો. આનંદનગર, **અમદાવાદ-૭.**

—ધૂમકેતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગી તાં જ લિ

[ભાવાનુવાદ]





CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"Children have their play
on the seashore of worlds"

Gibran.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧]

તેં મારા જીવનને અનંતતા આપી છે. તારી એ ઈચ્છા છે. કાચા કુંભ જેવા આ દેહને તું વારંવાર ખાલી કરે છે, અને ફરી ફરીને તું જ એને નવજીવનથી ભરી દે છે.

ડુંગરાઓ ઉપર અને ઊંડી ખીણોમાં બરૂની આ નાનકડી દેહવાંસળીને તેં જ સંગાથી કરી છે. અને એમાંથી નિત્ય નવા નવા મધુર સ્વરો, પણ તેં જ ઊભા કર્યા છે.

તારા હાથનો અમર સ્પર્શ પામતાં મારું આ નાનકડું હૃદય, આનંદમય બની જાય છે. એની મર્યાદાઓ સરી જાય છે. અને અમર વાણીને એ જન્મ આપે છે.

તારી અનંત બક્ષિસો કેવળ આ મારા નાનકડા હાથ ઉપર આવતી રહે છે. યુગો ચાલતા રહે છે, અને તું તો તારી બક્ષિસો વર્ષાવતો જ રહે છે. અને છતાં હજી પણ એમાં સમાસ માટે અવકાશ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

જ્યારે તું મને ગાન ગાવાની આજ્ઞા આપે છે, ત્યારે લાગે છે કે જાણે મારું હૃદય હમણાં એ ઉત્સાહ ગર્વને લીધે તૂટી જશે. હું તારા ચહેરા તરફ જોઉં છું અને મારી આંખમાં આંસુ આવી જાય છે !

મારા જીવનમાં જે કાંઈ કર્કશ અને અસંગત છે, એ બધું એક મધુર સ્વરમેળમાં પરિણમે છે — અને સમુદ્ર પાર કરવા નીકળેલા આનંદમગ્ન પંખીની જેમ, મારી પ્રેમભક્તિ પોતાની પાંખ વિસ્તારે છે.

હું જાણું છું કે તું મારા ગીતમાં આનંદ લે છે. તારી સમક્ષ હું એક ગીતગાયક તરીકે જ આવી શકું, એ પણ હું જાણું છું.

મારા ગાનની વિસ્તીર્ણ પાંખની એક કોરથી તારા પાદનો સ્પર્શ હું પામું છું—એ પાદ, કે જેને પહોંચવાની આકાંક્ષા તો હું કદાપિ રાખી પણ ન શકું.

ગાનની આનંદ મસ્તીમાં હું મારી જાતને ભૂલી જાઉં છું. અને તને ‘સખા !’ કહી બેસું છું ! ભૂલી જાઉં છું, કે તું તો મારો સ્વામી છે !



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા સ્વામી! તારા ગાનની કઈ રીત છે તે હું કળી શકતો નથી.

આશ્ચર્યસ્તબ્ધ થઈને હું મૂંગો મૂંગો હમેશાં સાંભળ્યા કરું છું.

તારા ગાનનો પ્રકાશ જગતને અજવાળી દે છે. આકાશે આકાશને ભરી દેતો તારા ગાનનો પ્રાણવાયુ વહે છે. તારા ગાનનું પવિત્ર ઝરણું પથ્થર જેવા કઠણ પદાર્થોને પણ ભેદીને આરપાર નીકળી જાય છે.

તારા ગાન સાથે ગાણું ગાવા માટે મારું અંતઃકરણ તલસી રહ્યું છે. પણ ગાન તો બાજુએ રહ્યું, એને અવાજ માટે પણ ફાંફાં મારવાં પડે છે! મને ઇચ્છા થાય છે કે હું બોલું. પણ બોલમાંથી કાંઈ ગાન પ્રગટતું નથી. અને ગભરાઈ જઈને હું રડી પડું છું.

આહા! સમજાયું, મારા સ્વામી! તેં મારા અંતઃકરણને તારા અનંત ગાનની જાળમાં કેદ કર્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે જીવનના જીવન! હું મારું શરીર પવિત્ર રાખવા યત્ન કરીશ, કારણ કે હું જાણું છું કે એ રોમરોમમાં તારો સ્પર્શ છે.

મારા મનમાંથી ને વિચારમાંથી હરેક અસત્યને હું દૂર રાખીશ. કારણ કે હું જાણું છું કે મારા મનના બુદ્ધિદીપને પ્રકાશ તું આપી રહેલ છે.

મારા અંતઃકરણમાંથી હું દરેક પ્રકારના અસદ્‌ને બહાર કાઢવા યત્ન કરતો રહીશ, કારણ કે અંતઃકરણના ગુપ્તતમ મંદિરમાં તું બેઠો છે, એ હું જાણું છું.

અને મારા કર્મોમાં, પણ હું તને જ પ્રગટ કરતો રહીશ, કારણ, હું જાણું છું કે મારામાં એક પાંદડું પણ ફેરવવાની તાકાત નથી.

જે કાંઈ શક્તિ છે, તે તારી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫]

તાર સાન્નિધ્યમાં બેસવા માટેની હું જરા છૂટ માગું છું. હાથમાં રહેલું કામ તો પછી પૂરું થશે.

તારા દૃષ્ટિપથથી દૂર જતાં જ મારું અંતર પોતાની શાંતિ ખોઈ બેસે છે, પોતાનો આરામ ગુમાવી દે છે. તારી નજર બહારનું મારું દરેક કામ, જાણે એક રસહીન, છેડો ન આવે તેવી મજૂરી હોય—અને કોઈ અનંત સાગરને ઉલેચવાનું વ્યર્થ વૈતરું હું લઈને બેઠો હોઉં, તેવું બની રહે છે!

એટલે જ હે મારા સ્વામી! તારા સાન્નિધ્યમાં હું થોડીવાર બેસવા માગું છું.

હાથમાં રહેલું કામ તો પછી થઈ રહેશે!

આજે જ મારી બારી પાસે ગ્રીષ્મઋતુની પવન-લેરખી, પોતાનાં રુદન અને કલરવ લઈને આવી હતી. અને પુષ્પોના રાજદરબારમાં કાવ્યગુંજન કરવા માટે સંગીતમર્મજ્ઞ ભ્રમરો પણ આવ્યા હતા!

એટલે જ મને લાગ્યું કે કામ તો પછી થશે, પણ કોઈ અનંતની હાજરી સૂચવતાં આ દૃશ્યો ફરીને જોવા નહિ મળે! તારા સાન્નિધ્યમાં શાન્તિથી સન્મુખ બેસવાનો આ અવસર છે. શાંત, ભરી ભરી આ આરામ પળોમાં, જીવન સમર્પણનુ ગીત ગાઈ લેવાનો સમો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૬]

આ પુષ્પની કળીને હે સ્વામી ! તું ભલે ચૂંટી લે ! અને એને ભલે વીણી લે ! નહિતર આવતી કાલે એ ધૂળમાં હશે. અને એની પાંદડી રજમાં રખડતી હશે.

ભલે, એ તારા કંઠની માળામાં સ્થાન નહિ પામે. ફિકર નહિ, પણ તારા હાથના સ્પર્શનું એને સુખ મળશે ! એટલે જ હું કહું છું, હે અનંતના સ્વામી ! ભલે એ કળી તારે હાથે ચૂંટાઈ જાય !

હું જાગ્રત બનું તે પહેલાં, વખતે દિનાન્ત આવી પહોંચશે. અને સમર્પણનો સમય પણ વખતે ચાલ્યો ગયો હશે !

ભલે આ કળીના રંગ હજી ખીલ્યા નથી, અને એની સુગંધભભક ઊઠતી નથી, પણ તારે ચરણે ધરેલ એને, તું તારી ચાકરીમાં લઈ લે, અને હે મારા સ્વામી ! ભલે હજી દિનાન્ત નથી દેખાતો પણ, તું એને ચૂંટી લે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે તો મારાં ગીતે પોતાનાં આભૂષણો છોડી દીધાં છે. એને આભૂષણનો મોહ નથી. ભભકાનું અભિમાન નથી.

આભૂષણો તો વચ્ચે દખલ ઊભી કરે છે. આભૂષણો છે, તો મારું હૃદય તારા હૃદય સાથે એક થઈ શકતું નથી.

તારી પ્રેમભરી ધીમી સુધાવાણી આભૂષણોના ઝંકારમાં ડૂબી જાય છે!

હું કવિ રહ્યો. મારી પાસે આભૂષણોનો ભંડાર છે, પણ મારું એ કવિઅભિમાન તારો એક દૃષ્ટિપાત થતાં સરી જાય છે! હે કવિના પણ કવિ! હે કવિરાજ! હું તો વિનમ્રપણે તારા ચરણ પાસે માત્ર લોટી પડું છું!

મને બીજી કોઈ ઈચ્છા નથી. વનમાં ચાલ્યા જતા કોઈ સાદા ઝરણાની માફક, મારો જીવનસ્રોત શાંત વહ્યા કરે, તારા ગાનને વહન કરનારી સીધી સાદી બરુની વાંસળી એ થઈ રહે, હે સ્વામી! એટલું જ મારે બસ છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૮]

આ બધી માળા ને પ્રાર્થના ને 'રઘુપતિ રાઘવ'ની ભજનધૂનો હવે બંધ કરો. આંહીં આ એકાંત ખૂણામાં બારણાં બંધ કરીને તમે ક્યા ઈશ્વરને શોધી રહ્યા છો? કહેશો જરા? તમારાં આંતર-ચક્ષુ ઉઘાડો. ખબર પડશે કે જે ઈશ્વરના સાન્નિધ્યની તમે વાતો કરો છો, તે તો ત્યાં નથી.

એ ઈશ્વર તો ત્યાં છે, જ્યાં પેલો ખેડૂત પરસેવો પાડીને હળ ખેડે છે, જ્યાં પેલો માળી ઝાડ રોપે છે, જ્યાં પેલો મજૂર રસ્તો સુધારે છે. ઈશ્વર ત્યાં બેઠો છે અને તમે એને આંહીં શોધો છો! એ તો ત્યાં એમની સાથે તડકામાં અને વરસાદમાં બેઠો છે. એ ઈશ્વરનાં વસ્ત્રો પણ ધૂળથી ભરેલાં છે. એને ધરતી અને ધૂળ વહાલાં છે!

આ પૂજાના અંચળાને એક બાજુ મૂકો. ધરતીની પૂજા શરૂ કરો, એટલે ઈશ્વરની પૂજા થાશે!



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુક્તિ ? શું કહ્યું ? મુક્તિ માટે આ તમે કરી રહ્યા છો ? મુક્તિને બીજે ક્યાં શોધવી એમ ? અરે ! ભલા માણસ, ચૌદ લોકનો નાથ પોતે, આનંદપૂર્વક, સર્જનનાં આટલાં બધાં બંધનો ઉપાડી રહ્યો છે, ને તમે બંધનથી ધ્રૂજો છો ? ભગવાનની સાથે આપણે ને આપણી સાથે ભગવાન — હમેશના બંધનથી, આપણે આમ બંધાયા નથી ? કે તમે બંધનમાંથી છૂટવા માટે ફાંફાં મારો છો ?

મારા ભાઈ! બંધનથી મુક્ત થવાનું નથી. બંધનથી ન બંધાવાનું રાખો એટલે ઘણું !

એટલે હવે તમારા ધ્યાનમાંથી બહાર આવો. એ પુષ્પોને ત્યાં જ છોડો. ધૂપદીપ ભલે ત્યાં રહ્યાં. આપણાં લૂગડાં ધૂળથી મેલાં થાય તો શું વાંધો છે ? આપણે સૌ શ્રમ કરીએ, સૌ મહેનત કરીએ, સૌ પરસેવો પાડીએ, તો જ પછી ઈશ્વરની કાંઈક ઝાંખી પામીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું જે ગીત ગાવા આવ્યો હતો તે મારું ગીત તો હજી ગાવાનું રહી ગયું છે!

મારો ઘણો સમય તો મારા વાજિંત્રના તાર મેળવવામાં જ ચાલ્યો ગયો. હજી ગીતની એ પળ મને આવી મળી નથી. હજી એ શબ્દો હૈયામાં ઊગ્યા નથી. માત્ર હૃદયમાં ઊંડું ઊંડું દર્દ છે, – પણ ન ગવાયલા ગીતનું!

પરિમલનો ભંડાર તો અણઉઘડ્યો રહ્યો છે: માત્ર પવનની એકાદ બે લેરખીના નિઃશ્વાસ જ આવ્યા છે!

મેં એ સૌન્દર્યસાગરની તો ઝાંખી પણ ક્યાં કરી છે? કે એના શબ્દો—એમને પણ ક્યાં સાંભળ્યા છે? કેવળ મારા ઘર પાસેથી પસાર થતા એના આછા પદધ્વનિને જ મેં ક્યારેક સાંભળ્યો છે!

સારો દિવસ પસાર થવા આવ્યો છે. સંધ્યાનાં આછાં અંધારાં આ બાજુ ઢળે છે. માત્ર એની બેઠકની તૈયારીમાં જ આટલો બધો વખત વીતી ગયો! પણ હજી મારું કોડિયું પ્રગટ્યું નથી. ઘરમાં અજવાળું આવ્યું નથી. એને અંદર આવવાનું કયે મોંએ હું કહું?

કોઈક દિવસ, અનંતતાને પંથે કોઈક દિવસ, હું એને મળીશ, એ દૂર દૂરની આશામાં હું જીવું છું. પણ હજી એ ઝાંખીની પળ દેખાતી નથી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બંદીવાન! તને કોણ બંધનમાં નાખી ગયું એ તો તું મને કહે!'

'બંધનમાં બીજું કોણ નાખે? મારો સ્વામી. મારો માલિક. એણે મને બંધનમાં નાખ્યો. એક વિચાર મને આવ્યો હતો. દુનિયાના તમામ લોકોને પૈસામાં ને સત્તામાં મારી પછવાડે રાખી દઉં તો હું ખરો! એ વિચારની ધૂનમાં મેં ધનના ઢગલેઢગલા ભેગા કરવા માંડ્યા! રાતદી જોયા વિના, આડું અવળું નિહાળ્યા વિના. એ રીતે જે મારા સ્વામીનું હતું, તે પણ મારા ખજાના ભેગું કર્યું! પછી થાકીને જ્યારે હું નિદ્રામાં પડ્યો, ત્યારે શય્યા પણ મારા સ્વામીની હતી, તેમાં જ હું લોટી ગયો! પછી હું જાગ્યો, અને જાગીને જોઉં છું, તો મારા પોતાના જ લક્ષ્મીગૃહમાં હું બંદીવાન હતો!'

'પણ બંદીવાન! તને બંધનમાં નાખ્યો એ તો ઠીક, પરંતુ આવું ન છૂટે કે ન તૂટે, એવું બંધન તને કોણે બાંધ્યું?'

'એ તો મેં પોતે જ બાંધ્યું છે! મેં જ મારું બંધન સંભાળપૂર્વક ઘડી કાઢ્યું છે. મને મારી શક્તિનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગર્વ હતો. એ આખી દુનિયાને બંધનમાં રાખી શકે—અને છતાં પોતાને મુક્ત રાખી શકે—! મારી આ માન્યતાના વેગમાં ને વેગમાં, મેં તો રાત ને દિવસ જંગી ભઠ્ઠીમાં લોહ ગાળ્યું ને જબ્બર ઘણ-ઘાથી એને મજબૂત બનાવ્યું. મારી આ લોહ-સાંકળી મેં જ ઘડી કાઢી. છેવટે એ તૈયાર થઈ, તૂટે નહિ કે વછૂટે નહિ એવી અભેદ્ય બની, ત્યારે એક આશ્ચર્ય મેં જોયું! બીજાને બંધનમાં રાખવા માટે તૈયાર કરેલી મારી એ લોહસાંકળી, મને જ બંધનમાં જકડતી રહી હતી!

'મારું બંધન મેં જ સંભાળપૂર્વક ઘડી કાઢ્યું છે, એમ જ કહોને!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનદિનની સંધ્યાનો જો સમય થયો હોય, કુંજનિકુંજનાં પક્ષીઓનાં ગાન જો બંધ પડ્યાં હોય, હવાની લહરીઓને જો થાક લાગ્યો હોય તો :હે નાથ ! ધરતીને તું જેમ નિદ્રાની ચાદર ઓઢાડે છે, કમળપત્રોને નમતી સંધ્યા સમયે જેમ સ્વપ્ન મધુર આરામ આપે છે, તેમ મારા જીવનપંથ ઉપર અંધારપછેડો નાખીને, બે ઘડીની નિદ્રા મને પણ લેવા દે !

પ્રવાસ પૂરો થયા પહેલાં જે મુસાફરનું જીવનભાથું ખૂટી ગયું હોય,વસ્ત્ર ફાટી ગયું હોય, શક્તિ ખર્ચાઈ ગઈ હોય, એને શરમમાંથી ને દીનતામાંથી ઉગારી લેવો ઘટે. તારી પ્રેમ–રજનીની ચાદર નીચે, જેમ તું પુષ્પોને નવજીવન આપવા સારુ થોડીવાર નિદ્રાધીન કરે છે, તેમ એ થાક્યા પ્રવાસીને પણ, પ્રેમભીની ચાદરનો એક છેડો આપવો ઘટે છે, મારા પ્રભુ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૨]

તે મારા સાન્નિધ્યમાં આવીને, મને અડીને જ બેઠો, પણ હું જાગ્યો નહિ!

અરેરે! એ તે કેવી ઘોર કાલનિદ્રા મને આવી ગઈ હતી!

રાત્રિનો પડછાયો પણ શાંત થઈ ગયો, ત્યારે એવી નીરવ રાત્રિમાં એ ફરીને ચાલ્યો આવ્યો. એના હાથમાં આ વખતે એનો તારતંબુ હતો. એની મધુર સ્વરાવલિ પ્રતિધ્વનિ આપતી હોય તેમ, આખી સ્વપ્નસૃષ્ટિ જાગ્રત બની બેઠી!

પણ અરે રે! કોણ જાણે કેમ, હું પોતે તો ન જાગ્યો–તે ન જ જાગ્યો! એ આવ્યો છતાં–મારે માટે ન આવ્યો!

મને આ નવાઈ લાગતી જ રહી છે–જેનો શ્વાસ મારી નિદ્રામાં પણ મને રાતદી સ્પર્શ્યા કરે છે, એટલું નિકટ જેનું સાન્નિધ્ય છે તેને, કોણ જાણે કેમ કોઈ દિવસ દેખી જ શકતો નથી! નહિતર એ આવે છે હમેશાં!



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૩]

જ્યારે એ આવ્યા ત્યારે દિવસ હતો. એ આવ્યા અને એમણે કહ્યું : ‘ તમારા ઘરનો નાનકડો ખૂણો—અમારે માટે એટલું બેસાણું તો બસ છે!’

અને તેમણે કહ્યું : ‘ અમે તમને તમારી ઈશ્વર-પ્રાર્થનામાં મદદ કરીશું, અને એના કૃપાપ્રસાદ રૂપે જે કાંઈ અમારા ભાગનું મળશે તે નમ્રતાથી લઈશું !’

પછી તેમણે ખૂણામાં જગ્યા લીધી, અને તે શાંત અને નિરુપદ્રવી બેઠા રહ્યા.

પણ દિવસનો પ્રકાશ ગયો. રાત્રિ આવી. અને તેમણે મારું મંદિર લૂંટી લીધું : અને ઈશ્વરને અર્પણ થયેલો ભાગ પણ તે ઉપાડી ગયા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૪]

જીવનનો, મારો એક જરાક જ અંશ જીવન્ત રહેશે, તો એટલો અંશ પણ મારે માટે બસ છે. હું તો એમ ઈચ્છું છું કે મારો એટલો જ અંશ રહો–બીજો પછી રહો કે ન રહો!

એટલે હું કહું છું:—

મારો થોડોક અંશાંશ પણ જીવન્ત રહે, કે જેથી હું મારા સર્વસ્વ તરીકે તારું જ નામસ્મરણ આપતો રહું !

મારી ઈચ્છાશક્તિનો એટલો જ અંશાંશ જીવન્ત રહે, કે જેથી હું દરેક સ્થળે, તને જ સ્પર્શું, તને જ અનુભવું, તારામાં જ મારું શરણ શોધું, અને પળે પળે મારો પ્રેમ તારે ચરણે ધરતો રહું !

મારા જીવનનો ભલે એટલો જ અંશાંશ રહે, જે તને પ્રગટ કરતો હોય! જે તને કદાપિ પણ અપ્રગટ ન રાખતો હોય! જીવનનો ભલે એ જ અંશાંશ રહે–બાકીનો રહે કે ન રહે !

અને મારા બંધનમાં પણ મારું એ બંધન જ રહો, કે જે મારી જાતને, તારી ઈચ્છા સાથે બાંધી રાખતું હોય, અને જીવનદ્વારા તારા જ હેતુનું વહન કરતું હોય! અને તે બંધન–તારા પ્રેમનું બંધન હોય!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ દુનિયાની મારી વિદાય-પળે જો હું આટલું જ કહી શકું—મેં જે જોયું તે કલ્પનાતીત સૌન્દર્ય હતું—આટલું જ જો હું બોલી શકું, તો બસ, એ મારો છેલ્લો શબ્દ હો! આટલું જ—

"પ્રકાશના મહાન સમુદ્ર ઉપર જે હૃદયકમળ ઝૂલી રહે છે, એ હૃદયકમળની એકાદ પાંખડીમાં સંતાયલું અમૃતમધુ મેં ચાખ્યું છે."

જીવનની વિદાયવેળાએ જો આટલું જ હું બોલી શકું, તો એટલું મારે માટે બસ છે. મારો એ છેલ્લો શબ્દ બની રહો, આટલું જ—

"સંખ્યાતીત આકારોથી ભરેલી આ નામ અને આકારની રંગભૂમિમાં, મેં પણ મારું નાટક ભજવ્યું છે. અને એમાં એક પળ માટે, જેને આકાર નથી તેની ઝાંખી મને મળી ગઈ છે"

આટલું જ જો હું વિદાયવેળાએ બોલી શકું—

"જે સ્પર્શાતીત છે, તેના એક પળના સ્પર્શથી મારો દેહ નાચી ઊઠ્યો છે—" આટલું જ જો હું કહી શકું, જે પળે કહી શકું, તો ભલે વિદાય વેળા, એ પળે જ હો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૬]

મને થયું, મુસાફરી પૂરી થઈ છે. ભાથું ખૂટી ગયું છે. શક્તિ રહી નથી. આગળ પંથ પણ બંધ થતો જણાય છે. કોઈ અજ્ઞાત સમુદ્રજલનું ગંભીર મૌન–એ છેવટની આરામગાહ લાગે છે!

પણ ના, જીવનસમાપ્તિ, એ તારી ઇચ્છાની સમાપ્તિ નથી. એટલે જૂના શબ્દો, હજી તો જિહ્વાગ્રે મૃત્યુ પામી રહ્યા હોય છે તેટલામાં જ, હૃદયમાં, અકથ્ય માધુર્યના ઝરણ સમી, નવી સ્વરાવલિ ઉદય પામતી હોય છે! અને જૂના પંથની ઝાંખી ભૂલી જવાય તે પહેલાં, નવા પ્રદેશની ઇન્દ્રધનૂ–મોહિની, નજર સમક્ષ ઊભી થાય છે!

મારા ક્ષણિકની જીવનસમાપ્તિ એ તારી ઇચ્છાની સમાપ્તિ નથી. હે અનંત!... અને હે અનાદિ!



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાળની રસ્સીઓ ઘણી જ સખત છે, પણ એમને તોડવાનો પ્રયત્ન કરતાં મારું હૃદય દુ:ખી થાય છે.

મારે મુક્તિ જોઈએ છે. એ જ મારી મોટામાં મોટી આકાંક્ષા છે. પણ એને માટે આશા રાખવાની વાત આવતાં હું શરમાઉં છું!

મને એક વસ્તુની ખાતરી છે. અગણ્ય સંપત્તિનો સમુદ્ર તારામાં લહેરાઈ રહ્યો છે. અને તું જ મારો સાચો સખા, મિત્ર અને સ્વજન છે. પણ આંહીં આ મારી કોટડીમાં પડેલું દેખાવનું સોનું છોડવાનું પણ, મારાથી બનતું નથી!

મને વીંટળાઈ વળેલું અંધાર પડ, ધૂળનું અને મરણભયનું બનેલું છે; એના પ્રત્યે મને તિરસ્કાર, કાંઈ ઓછો નથી, છતાં હું પ્રેમથી એને વળગી રહ્યો છું. હું એને છોડી શકતો નથી. એ કાંઈ મને એની મેળે તજે તેમ નથી. મારું ઋણ અનંત છે. મારી પરાજય કથા ઘણી મોટી છે. મારી શરમવાત અત્યંત ગુપ્ત અને હૃદયમાં પડેલા પથ્થર જેવી ભારે છે. છતાં જ્યારે હું મારા કલ્યાણની તારી પાસે યાચના કરી રહ્યો હોઉં છું ત્યારે, મારા હૃદયમાં કોઈ અજ્ઞાત ભયની ઝણઝણાટી આવી જાય છે કે રખેને, મારી પ્રાર્થના સ્વીકારાઈ જશે તો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેને જેને મેં મારા નામ સાથે જોડયાં, તે બધાં અહીં અંધારખૂણામાં જાણે રુદન કરી રહ્યાં છે!

—અને હું તો હજી મારી આસપાસની દીવાલને જાણે અદ્ધર ને અદ્ધર, ઊંચે ને ઊંચે લેતો જ જાઉં છું! જેમ જેમ એ ઊંચી થતી જાય છે, તેમ તેમ એના પડછાયામાં હું મારી પોતાની જાતને જ ભૂલતો જાઉં છું! પણ દીવાલ તો રાત દી ઊંચી વધતી જ જાય છે. મારો પ્રયત્ન પણ, એને બંધાતી રાખવાનો ચાલુ જ છે!

મારી આસપાસ ઊભી કરેલી આ મહાન દીવાલનો મારા મનમાં ગર્વ છે! અને હું એને બરાબર ચૂના-માટીના વાટા દઈને મજબૂત કરી રહ્યો છું, કે એમાંથી એક કાંકરી પણ ન ખરે, કે એનામાં જરા પણ છિદ્ર ન રહે. અને આ બધા જ પ્રયત્નોના બદલામાં હું મારી ખરી જાતને ભૂલી રહ્યો છું. જાણે એને ભૂલવા માટે હું આ કરી રહ્યો છું!

રે! આશ્ચર્યનું આશ્ચર્ય!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું આખે રસ્તે એકલો જ, મારા આ સંકેતસ્થાને આવી પહોંચ્યો છું! પણ આ નીરવ અંધકારમાં મારી પછવાડે પછવાડે કોણ આવી રહ્યું છે?

એની હાજરીમાં મારી જાત પ્રગટ ન થાય, માટે હું એક તરફ સરી જાઉં છું, છતાં એનાથી હું છૂટો થઈ શકતો નથી!

એ જમીન ઉપરથી ધૂળ ઉડાડે છે અને તે પણ જાણે બહાદુરી કરતો હોય તેમ! હું જે કાંઈ બોલું છું એનો એ મોટો પડઘો પાડે છે!

એ બીજું કોઈ નથી, હે મારા નાથ! એ મારી પોતાની જ ઠીંગુજી આકૃતિ છે! એને તો કોઈની શરમ પણ નથી. પણ એની સાથે તારા દ્વારે આવતાં, હું શરમનો માર્યો ભોં ભેગો થઈ જાઉં છું! આવવું છે તારે દ્વારે–અને સાથે લાવ્યો છું આ ઠીંગુજીને!



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૦]

મારું અંતઃકરણ, અસંખ્ય વખત આમ બોલ્યા જ કરે કે, 'મારે તારો ખપ છે હે મારા નાથ! મારે તારો — અને માત્ર તારો જ ખપ છે!'

જે જે ઇચ્છાઓ મને આડે માર્ગે લઈ જાય છે, તે તમામ ખોટી છે. અને રૂંવાડે-રૂંવાડામાં મિથ્યા છે!

મને આ ખાતરી છે કે જેમ રાત્રિનો અંધકાર, પ્રભાતનાં કિરણની પ્રાર્થના પોતાના અંતરમાં ભરી રાખે છે, તેમ મારા હૃદયના અંધકારભર્યા ખૂણામાં કોઈક એવી મૂર્છિત ચેતના જાગે છે, જે વારંવાર આર્ત્તનાદ કરે છે કે 'મારે તારો ખપ છે! હે મારા નાથ! મારે તારો ખપ છે!'

તોફાનનો મહાસાગર જેમ છેવટે શાંત પળોને ઝંખે છે, પછી ભલેને એની શાંતિને થોડો વખત ભયંકર ઝંઝાવાતે હચમચાવી મૂકી હોય. તેમ જ મારાં માનસ-તોફાનોએ, તારા પ્રેમની સામે ભલે ગમે તેટલો બળવો પોકાર્યો હોય, એમની પણ છેવટની પ્રાર્થના આ જ છે, 'હે મારા નાથ! મારે ખપ તારો છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

६१ग
३०४०३
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનના પ્રભાતકાલે આ ક્ષણની મને માહિતી ન હતી.

જંગલના ગાઢ અંધકારમાં મધરાતે ખીલેલા કોઈ નવપુષ્પની જેમ, જીવનનાં આ ગૂઢતમ રહસ્યો, કઈ શક્તિના પ્રતાપે મને મળતાં રહ્યાં હતાં ?

જીવનના પ્રથમ પ્રભાતે, પ્રકાશના પ્રથમ કિરણનો સ્પર્શ થતાં જ, મને લાગ્યું હતું કે, આ સૃષ્ટિમાં હું અજાણ્યો નથી. મારી માતાના સ્વરૂપે, પણ ખરી રીતે તો અરૂપ અને અનામી પોતે જ, મને પોતાના હાથમાં હીંચોળી રહ્યું હતું !

એ જ પ્રમાણે, એ જ અનામી અને એ જ અરૂપ, મારી સમક્ષ આવીને મને દોરશે ! જીવન ઉપરના પ્રેમથી, મારી જાણમાં આવી ગયું છે, કે મૃત્યુ ઉપરનો પ્રેમ, એનાથી કાંઈ જુદો નથી.

શિશુ આક્રંદ કરી મૂકે છે, પણ માતા તો, એને જમણે સ્તનેથી લઈ ને દૂધધારા આપવા માટે, માત્ર ડાબે સ્તને ફેરવતી હોય છે !

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૨]

હે મારા સ્વામી ! હું તે તારું કયું સ્વરૂપ સંભારું ને કયું ન સંભારું ? જ્યારે મારું હૃદય કઠોર ને શૂન્ય બને છે, ત્યારે તું દયાની વૃત્તિ રૂપે પ્રગટે છે !

જ્યારે જીવનમાંથી હું રસ ખોઈ બેસું છું, ત્યારે તું કોઈ મધુર ગીતાવલિના સરોદ રૂપે, મારા અંતરને જગાડી જાય છે ! જ્યારે ચારે તરફના કામની અસંખ્ય ધમાલોથી હું આકુળવ્યાકુળ બની જાઉં છું, ત્યારે તું મારી પાંપણ ઉપર બેસીને જરાક નિદ્રાઘેનની મોહિની બંસી છેડી લે છે, અને હું આરામ અને શાંતિ પામી જાઉં છું !

કોઈ વખત મારું ભીરુ કંગાળ હૃદય, કોઈ એક અંધારખૂણામાં રાંકાની જેમ સાવ નિર્માલ્ય બનીને ટુંટિયું વાળી બેસી જાય છે, ત્યારે તું, હે મારા રાજા ! કોઈ મહાન નૃપતિની અદાથી, એકદમ બારણું ખોલીને પ્રવેશે છે, અને મારી પેલી રાંકડી ક્ષુદ્રતા કોણ જાણે ક્યાં ભાગી જાય છે !

અને જ્યારે અદમ્ય કામનાનો ઘેરો અંધકાર મનને વીંટળાઈ વળે છે, ત્યારે હે પવિત્ર ! તું તારી જ્યોતિ લઈને આવે છે ! અને ઘનઘોર આકાશમાં થતી વીજળી લઈને મારી પાસે આવે છે !

હું તે તને, હે મારા નાથ ! કયે સ્વરૂપે પિછાનું ને કયે સ્વરૂપે ન પિછાનું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનના મંગલપ્રભાતે જ એ વાત નક્કી થઈ હતી કે હું અને તું, માત્ર આપણે બે જ એક નૌકામાં સાથે સફરે નીકળીશું. અને આ વાતની કોઈને ગંધ પણ નહિ મળે, અને આપણે આપણી આ યાત્રા શરૂ કરીશું !

આપણી આ યાત્રા—જેને કોઈ દેશ નથી, દિશા નથી, જેનો ક્યાંય ઉતારો નથી, એ અપાર સમુદ્રની સફરમાં તું તારું મૌનસ્મિત માત્ર કરશે: અને હું મારા જીવનસંગીતની, શબ્દબંધનથી મુક્ત એવી, હેલી વરસાવતો રહીશ !

પણ હજી શું એ સફરની પળ આવી નથી ? કે હજી કામ અને કામમાંથી કોઈ નવરાઈની ઘડી મળી નથી ?

હવે તો સંધ્યાના રંગ આકાશમાં દેખાય છે. સમંદર પક્ષીઓ ઝાંખા અંધારામાં એમને માળે પાછાં ફરે છે.

પણ કોને ખબર કઈ પળે આ બંધનમાંથી મુક્તિ થઈ જશે, અને ક્યારે વિલીન થઈ જતા છેલ્લા સૂર્ય-કિરણની જેમ, આ નૌકા, રાત્રિના અંધકારમાં અદૃશ્ય થશે ? કોને ખબર ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી જાણ બહાર હે મારા નાથ ! તું સામાન્યમાં પણ સામાન્ય જનની જેમ, કેટલી વખત મારા અંતરમાં આવી આવીને ચાલ્યો ગયો ?

તેં મારી ત્વરિત દોડી જતી અનેક પળોને સ્પર્શ કર્યો અને તે અમર થઈ ગઈ !

આ બધું મારા અજાણપણામાં થઈ ગયું. પણ આજે જ્યારે એ પળોને નીરખવાની હું અકસ્માત તક લઉં છું, ને તારા સ્પર્શની નિશાની જોઉં છું, ત્યારે એને મારા ક્ષુલ્લક આનંદ અને શોકમાં સેળભેળ થઈ ગયેલી નીરખું છું !

પણ એ દર્શાવે છે કે મારા શૈશવકાલની ધૂળની રમતમાંથી તું અવગણના કરીને પાછો ફરી ગયો ન હતો. તે વખતના નિર્દોષ આનંદમાં, જે તારો પગરવ મેં ત્યારે સાંભળ્યો હતો, તે જ તારો પગરવ આજે, એક એક તારકમાં અને એક એક નક્ષત્રમાં સંભળાય છે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારે આ એક પ્રકારનો મહાન આનંદ છે, રાહ જોવાનો ! માર્ગ ઉપર જ્યાં પડછાયા તેજને નિહાળે છે, અને પ્રકાશ અંધકારને જુએ છે, ત્યાં બેસીને એ રમત જોયા કરવી એ મારો આનંદ છે ! ત્યાં તડકો ને વરસાદ મૈત્રી બાંધે છે !

અજાણ્યા આકાશમાંથી અનેક કાસદો કૈં કૈં સંદેશાઓ મારફત મને અભિનંદે છે, અને આ પંથમાં મને ગતિ મળતી રહે એમ ઈચ્છે છે !

મારું અંતઃકરણ અંદર બેઠું આનંદ આનંદ અનુભવે છેઃ અને વહી જતી પવનની લેરખીમાંથી મધુરતા પ્રગટે છે !

પ્રભાતના અજવાળાથી, સંધ્યાના ઝાંખા અંધકાર સુધીનો સમય, હું આંહીં, આ મારા દ્વાર પાસે બેસું છું, હું જાણું છું કે કોઈક સુખદ પળે, અચાનક જ, હું કાંઈક જોઈશ !

દરમ્યાન હું એકલ,–સ્મિત અને સંગીત–એ બન્નેની મોજ લઉં છું ! અને આશાભરી સુગંધ હવામાંથી કોઈક ભવિષ્યના વચનના પડઘા સંભળાતા રહે છે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાત્રિ આખી એની અફળ રાહ જોવામાં, લગભગ પૂરી થવા આવી છે. રખેને એ વહેલી પ્રભાતે અકસ્માત મારે આંગણે આવી ચડે, અને મને ભય છે, હું થાકીને લોથપોથ થઈ નિદ્રામાં પડયો હોઉં ! પણ રે મિત્રો ! એમ થાય તો, એને આવવામાં રોકતા નહિ. રસ્તો ખુલ્લો રહેવા દેજો !

પણ જો એના પદરવે મારી નિદ્રા ન ઊડે, તો મને જગાડવાનો પ્રયત્ન ન કરતા, હું એટલું તમને પ્રાર્થીને કહું છું. હું મારી નિદ્રામાં-થી, પક્ષીઓના ઘોંઘાટ વડે, કે પ્રભાતના મંગલ ઉત્સવ માટે થતા, પવનના તુફાની અવાજ વડે, જાગવાનું ઈચ્છતો નથી. તો તો મને નિરાંતે જ ઊંઘવા દેજો. પછી ભલેને એ અકસ્માત પોતે મારે આંગણે આવીને ઊભા હોય !

આહા, મારી નિદ્રા, મારી મીઠી નિદ્રા, જે, ઊડી જવા માટે કેવળ એના સ્પર્શની જ રાહ જુએ છે, અને ઓહો ! મારી આ મીંચાયેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખો ! જે પોપચાં ખોલી નાખવા માટે, નિદ્રાના અંધકારમાં ઉદ્ભવતા મધુર સ્વપ્ન જેવા એના સ્મિતની રાહ જુએ છે !

તમામ પ્રકાશ અને તમામ રૂપના પ્રથમ મૂળ ઝરણ જેવા, એને જ સૌથી પહેલાં હું દેખું, મારી એ જ પ્રાર્થના છે. મારા જાગ્રત આત્માને આનંદઘડીનો પ્રથમ સ્પર્શ એના નેત્રમાંથી પ્રાપ્ત થાઓ ! અને મારું ભાન મને મળે એ પણ પાછું એનામાં જ લુપ્ત થનારું હો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૭]

પ્રભાતનો મૌનસમુદ્ર જાણે પક્ષીના કલરવરૂપી તરંગોથી જાગી ઊઠ્યો, અને પુષ્પોએ નૃત્ય આરંભ્યું. સોનેરી રેતની લક્ષ્મી વાદળાંઓ સોંસરવી વેરાઈ રહી. જ્યારે અમે તો અમારા ધંધામાં તલ્લીન, આ કાંઈ દેખતા ન હોઈએ તેમ ચાલી રહ્યા હતા !

અમારા દિલમાંથી, નર્તન ગીતની હેલી આવતી ન હતી—કે અમારા મનમાંથી કોઈ રમ્મત જાગતી ન હતી. કોઈ હસતું ન હતું. બોલતું ન હતું. મોં પણ મલકાવતું ન હતું. રસ્તે જરા થોભવાની પણ વાત ત્યાં ન હતી. જેમ વખત ગયો તેમ, અમે તો વધુ ને વધુ ઝડપે આગળ ચાલતા રહ્યા !

પછી આકાશની મધ્યે સૂર્ય આવ્યો. અને કબૂતરોએ છાયામાં બેસીને પ્રેમગોષ્ટિ આરંભી. ખરતાં પાકાં પર્ણોએ તાપભરી હવામાં નૃત્ય શરૂ કર્યું ! અને વટવૃક્ષની ઘાટી છાયામાં રબારીના છોકરા પોતાની સ્વપ્નભરી નિદ્રામાં પડ્યા. હું જલકિનારે, હરિયાળા ઘાસમાં, મારા થાકેલાં અંગને આરામ આપતો લાંબો થઈ ને પડ્યો રહ્યો !

મારા મિત્રોએ મારી તિરસ્કાર મશ્કરી કરી. એમણે પોતાનો પંથ કાપવા, આગળ ને આગળ પ્રયાણ કર્યું.

એમણે ન તો પાછા ફરીને જોયું. ન તો આરામ લેવા ક્યાંય લંબાવ્યું. કેવળ આગળ ને આગળ પ્રયાણ જ કર્યું ! એ દૂરના ક્ષિતિજમાં અદશ્ય થઈ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



બીડ, કેટલીયે ટેકરીઓ, કેટલાય ડુંગરો ઓળગંતા એ દૂરના અજાણ્યા પ્રદેશોમાંથી પસાર થયા. હે ‘ આગળ ધસો ’ ના અવિશ્રાંત પથિકો ! તમારા વીરત્વને મારા હજાર હજાર માનભર્યાં પ્રણામ હો ! મશ્કરી અને ઉપાલંભે મને પણ ઊભો કરી દીધો, પણ છતાં આગળ જવા માટે ન પ્રેર્યો. ત્યાં પડછાયાના ઝાંખા પ્રકાશમાં મેં રાજીખુશીથી મારી નિર્માલ્ય સ્થિતિ સ્વીકારી લીધી.

ત્યાં જાણે સોનેરી રૂપેરી ભરતગૂંથણીભર્યાં લીલા ઘાસની ઉદાસીનતા મારા હૃદયને સ્પર્શી ગઈ. હું શા માટે આ મુસાફરી વેઠી રહ્યો હતો એ વાત જ જાણે ભૂલી ગયો. અને ત્યાંની ગીતાવલિને જાણે કે મેં મારું મન સોંપી દીધું !

છેવટે જ્યારે હું જાગ્યો અને મેં મારી આંખ ઉઘાડી, તો કોઈ નહિ પણ તું પોતે, મારી નિદ્રાને તારા સુંદર સ્મિતના પ્રકાશથી ભરી દેતો ત્યાં ઊભો હતો !

અરે ! હું કેવો અકારણ ભય સેવી રહ્યો હતો, હે ! રસ્તો ઘણો લાંબો હતો—અને તને મેળવવાનો પંથ ઘણો વિકટ હતો !

વિકટ તો એ એમને માટે હતો, જે તને શોધવા માટે નીકળ્યા હતા. પણ જે તને જોઈ જ રહ્યા હતા—એમને તો માત્ર હાથ જ લંબાવવાનો હતો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૯]

તું તારા સિંહાસનેથી ઊતરીને મારી ઝૂંપડી પાસે ઊભો રહ્યો !

હું તો એક ખૂણામાં બેઠો, એકલો, મારું ગીત ગુંજી રહ્યો હતો ! અને એનો કોઈ સ્વર તારે કાને પડી ગયો હતો !

અને તું સિંહાસન છોડીને, મારી ઝૂંપડીના દ્વારે આવીને ઊભો રહ્યો !

તારા દીવાનખાનામાં મોટા મોટા ગવૈયાઓની મિજલસ જામે છે, ને અનુપમ ગીતો ત્યાં ગવાય છે—રાત ને દિવસ.

પણ આ મારા અણઘડ સાદા ગીતગુંજનનો કોઈ સ્વર તારા પ્રેમતંતુને સ્પર્શી ગયો—અને તું ત્યાં આવીને ઊભો રહ્યો !

દુનિયાના, નિત્ય ચાલી રહેલા મહાન સંગીત વચ્ચે થઈ ને, ફરતો ફરતો આવેલો મારો આ એક સાદો પ્રેમ-સ્વર, તને સંભળાયો, અને એક ફૂલની અંજલિ માટે, તું મારે આંગણે દોડ્યો આવ્યો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે રાજાના રાજા ! ત્યારે જ મેં જાણ્યું કે તું એક જ રાજા છે, ને બીજા તમામ ભિખારી છે !

મારા છેલ્લા ગીતમાં મારો બધો આનંદ છલકાઈ રહેજો—એ આનંદ, જે હરિયાળાં નીલક્ષેત્રમાં પૃથ્વીને નર્તન કરતી કરી મૂકે છે, જે જીવન મૃત્યુ બે બાંધવાને, વિશાળ જગતમાં નૃત્ય કરતાં શીખવાડે છે, જે પવનના તુમુલ તુફાન વખતે, જીવનને જાગ્રત કરતો ખડખડાટ હસી પડે છે, એ આનંદ, જે, દુઃખના રક્તગુલાબની પાંદડી ઉપર છાનોમાનો અશ્રુમાળા લઈને બેસે છે, એ આનંદ, જે પોતાની પાસેનું બધું રાખોડીમાં વેરી નાખે છે, અને એ આનંદ, જે શબ્દાતીત છે, મારા છેલ્લા ગીતમાં, એ આનંદ હજો !

વિલુપ્ત થઈ જવાનો મહા આનંદ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૯]

રે મારા સ્વામી! આ સઘળી તેજછાયાની ગૂંથણીમાં તું તારી જાતને ક્યાં છુપાવીને બેઠો છે?

તને ધકેલીને અને તારી પાસેથી જ, અસંખ્ય ચાલ્યા જાય છે, અને તારી હાજરીની તો કોઈને ખબર જ પડતી નથી!

આંહીં હું મારી સામગ્રી પાથરીને તારી રાહ કેટલાયે વખતથી જોઉં છું, અને એટલામાં તો કેટલાયે રાહદારીઓ જાય આવે છે. તે મારાં ફૂલ લે છે, અને હવે તો ટોપલી પણ લગભગ ખાલી થઈ ગઈ છે!

પ્રભાત પૂરું થયું છે. બપોર પણ ચાલ્યા ગયા છે. સાંજની વેળા આવી છે. મારી આંખમાં નિદ્રા આવી રહી છે.

ઘર તરફ વળી રહેલા માણસો મારી તરફ નજર કરીને જુએ છે, મોં મલકાવે છે, ને મને શરમ આવે છે. હું કોઈ ભિખારણ કુમારિકાની પેઠ, મારો ચહેરો ઢાંકીને બેસું છું. અને જ્યારે મને તેઓ સવાલ પૂછે છે કે મારે શું જોઈએ છે, હું હજી આંહીં કેમ [illegible]ી રહી છું, ત્યારે હું મારાં નેણ નીચાં ઢાળીને નિ[illegible] છું!

[illegible] એમને શી રીતે કહું કે હું તારી રાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઉં છું. અને તેં આવવાનું વચન આપ્યું છે! હું એમને શી રીતે કહું કે આ ગરીબી, એ જ મારો લઈ જવાનો કરિયાવર છે! આહ! હું તો આ મારી અભિમાન કથા, મારા અંતરમાં સંઘરી રાખું છું.

હું ઘાસ ઉપર બેસીને આકાશ સામે મીટ માંડું છું. અને તારા આવવાના પ્રકાશને જાણે સ્વપ્નામાં નિહાળું છું. સઘળી તેજ કિરણાવલિઓ જાણે એક સાથે પ્રગટે છે. તારા રથ ઉપર જાણે સોનેરી ધજા ફરફરી રહી છે. તું મને ધૂળમાંથી ઊભી કરવા આવે છે, અને તે બધા આભા બનીને રસ્તા ઉપર એક બાજુએ ઊભા રહી જાય છે!

અને ઉનાળાના પવનમાં ધ્રૂજતી લતા જેવી—મને, લજ્જા અને અભિમાન ભરેલી કંગાલ ભિખારી કુમારિકાને, તું તારી પાસે બેસારે છે! તેઓ ચકિત થઈ જાય છે!

પણ સમય ચાલ્યો જાય છે. અને મારું આ સ્વપ્ન તો સ્વપ્ન જ રહે છે. તારા રથના પૈડાંનો ક્યાંયથી અવાજ પણ આવતો નથી. કેટલાંયે ભભકા ભર્યાં સાજન આંહીથી વાજાં વગાડતાં નીકળે છે! માત્ર તું જ તારા મૌન મહાસાગરમાં કોણ જાણે ક્યાં કેવળ છાયારૂપે સંતાઈ રહે છે?

—અને હું આંહીં રાહ જોતી, [illegible]ી, [illegible] દિવસો ગણતી બેઠી છું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૦]

હું બારણે બારણે, ગામડાના રસ્તા ઉપર માગતો ફરી રહ્યો હતો, એટલામાં દૂરથી તારો સોનેરી રથ દેખાયો, જાણે કે કોઈ મહાન ભવ્ય સ્વપ્ન ખડું થયું હોય તેવો. મારા મનમાં આશ્ચર્યનો પાર ન રહ્યો!

આ રાજરાજેશ્વર જેવું કોણ હશે? મારી આશાના મિનારા ઊંચા થતા ગયા. મને લાગ્યું કે હવે દુ:ખના દિવસો પૂરા થયા. અને હું તો ત્યાં, વગર માગ્યે મળી જનારા દાનની રાહ જોતો, અને ધૂળમાં વેરાયલા સુવર્ણ-દ્રમ્મોનાં સ્વપ્નાં સેવતો, ઊભો રહ્યો.

હું જ્યાં ઊભો હતો ત્યાં જ રથ પણ અટક્યો. તારી અમીદૃષ્ટિ મારા ઉપર પડી. તું સ્મિત કરતો નીચે ઊતર્યો. મેં ધાર્યું કે, છેવટે–છેવટે, મારા જીવનની આશાનો પૂર્ણ કુંભ છલકાવાની તૈયારી છે.

પણ એટલામાં તો તેં જ અચાનક તારો જમણો હાથ લાંબો કર્યો અને કહ્યું: 'તું આમાં મને શું આપે છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ હા! રાજરાજેશ્વર પોતે, ભિખારીના ભિખારી પાસે હાથ લાંબો કરે, એ રાજાની કેવી રાજ મશ્કરી હતી? હું તો મૂંઝાઈ ગયો. અને અનિશ્ચિત જેવો ત્યાં ઊભો જ રહી ગયો. અને પછી મારા અંચળામાંથી, એક નાનકડામાં નાનકડો દાણો કાઢીને તને આપ્યો!

પણ મારા આશ્ચર્યનું આશ્ચર્ય તો ત્યારે આવ્યું, જ્યારે દિનાન્તે મેં મારા દાણાનો ઢગલો જમીન ઉપર કર્યો—અને આહ! એમાં એક દાણો સોનાનો હતો! હું નિરાશામાં વેદના ભર્યું આક્રંદ કરી રહ્યો—અરે! અરે! અરે!—મે તને સઘળા જ દાણા આપી દીધા હોત!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



રાત્રિના અંધકાર પડછાયા આવ્યા.

દિવસનાં કામ પૂરાં થયાં હતાં. અમે ધાર્યું કે છેલ્લામાં છેલ્લો અતિથિ આવી ગયો હતો. આખા ગામમાં ઘરેઘરનાં દ્વાર બંધ થઈ ગયાં હતાં.

માત્ર કોઈ કોઈના અવાજ સંભળાયા: 'રાજા આવી રહ્યા છે–હજી તો રાજા આવવાના છે!'

અમે હસી પડ્યા: 'અરે! શી વાત છે? રહી રહીને હવે? બને નહિ.'

લાગ્યું કે બારણે ટકોરા પડી રહ્યા હતા. પણ પવનના સપાટાથી એમ થાય છે, એમ અમે માન્યું. અમે દીવા ઠારી નાખ્યા. આરામ કરવા લંબાવ્યું. છતાં હજી પણ કોઈ કોઈ કહી રહ્યું હતું. 'કોઈ સંદેશવાહક આવ્યો જણાય છે!'

અમે ફરીને હસ્યા–વધારે મોટેથી, બોલનારના અજ્ઞાન ઉપર, અને પ્રતિવાદ પણ કર્યો: 'હોય નહિ, પવનના સપાટા ચોખ્ખા સંભળાય છે ને! હોય નહિ.'

અને પછી મધરાતના સમસમાકારમાં એક અવાજ આવ્યો. પણ અમે ઊંઘમાં ને ઊંઘમાં બોલ્યા: 'દૂર કાંઈક વાદળ ગર્જના થઈ!'



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃથ્વી ધ્રૂજી. દીવાલો પણ ધ્રૂજી. અમારી ઊંઘમાં ખલેલ પડી.

અને કોઈ કે કહ્યું : ' દૂરની વાદળગર્જના નથી. હવે તો રથનાં પૈડાંનો અવાજ છે ! '

સાથે ઓઢીને સૂઈ જતા અમે બોલ્યા: ' આ તો ચોક્કસ વાદળાંની ગર્જના છે ! '

પછી નગારાં વાગ્યાં, ત્યારે હજી અંધકાર હતો. અવાજ આવી રહ્યા હતા: ' જાગો જાગો ! આળસ ન કરો ! ' અમે ભયથી અમારી છાતી ઉપર હાથ મૂકી દીધા. કોઈ કે કહ્યુ: ' જુઓ ! ત્યાં રાજાનો ધ્વજ ફરકે છે ! '

અમે અમારા પગ ઉપર ઊભા થઈ ગયા. અને કોઈ કે કહ્યું; ' હવે વખત ગુમાવતા નહિ. રાજા આવ્યા છે.'

પણ પ્રકાશભરી મશાલો ક્યાં છે ? માળાઓ ક્યાં છે ? બેસવા માટેનું સિંહાસન ક્યાં છે ? અરે રે ! લજ્જાસ્પદ ! લજ્જાસ્પદ વાત ! શણગાર ક્યાં છે ? ભવ્ય દીવાનખંડ ક્યાં છે ? કોઈ કે કહ્યું: ' આ બધી વ્યર્થ માથાકૂટ છે. તેને, ખાલી હાથે તો ખાલી હાથે, શણગાર વિનાના ખંડમાં પણ, સત્કાર તો કરો. એમને તમારા ખંડમાં લઈ ચાલો ! બારણાં ઉઘાડો. શંખધ્વનિ કરો. રાત્રિના અંધકાર જેવા આપણા ખંડેરના રાજરાજેશ્વર પધાર્યા છે ! આકાશમાં મેઘગર્જના થાય છે. અંધકાર, વીજળીથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણે થરથરે છે. તમારી તૂટીફૂટી જે સાદડી હોય તે બહાર લાવો. આંગણામાં એ બિછાવો. અંધાર રાત્રિમાં આપણા રાજા અચાનક જ આ તોફાન સાથે આવેલા છે!

આકાશમાં ગર્જના થાય છે. અંધારું વીજળીના સળકાટથી ધ્રૂજી ઊઠે છે. તારી તૂટલ ફૂટલ સાદડી લાવીને ફળીમાં પાથરી દે ભાઈ!

તુફાન અને ગાજવીજ સાથે અંધકારમાં આપણા રાજરાજેશ્વર આવ્યા છે!



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસંખ્ય રંગીન રત્નોથી શણગારેલી તારાખચિત રજની હોય, તેવું તારું કનકવલય ખરેખર અદ્‌ભુત સુંદર છે.

પણ મને તો વધારે સુંદર તારી સમશેર લાગે છે. વીજળીની જીભ જેવો એનો વળાંક મોહક છે, જાણે કે રોષભરેલા સૂર્યાસ્તને સમયે, વિષ્ણુભગવાનના ગરુડે પાંખ પહોળી કરી હોય! જાણે મૃત્યુના છેલ્લા ઘાને સહેવા, જીવન વેદનાભર્યો છેલ્લો ઉત્તર આપવા બેઠું હોય, એની જેમ એ જરા જરા હાલે છે. મને એની એ ધ્રૂજારી ગમી જાય છે!

જાણે પૃથ્વીના છેલ્લામાં છેલ્લા સ્પર્શને, છેલ્લું આલિંગન આપતી, અંગારાની છેલ્લી જ્વાલા જેવી એની અગ્નિરેખા, મને એ સુંદર લાગે છે.

રજનીમાંથી વીણેલા તારા જેવાં રત્નોથી શણગારેલું તારું કનકવલય મને સુંદર લાગે છે: પણ વધારે સુંદર તો ઓ ગર્જનાના સ્વામી! તારી સમશેર લાગે છે! એની સુંદરતા વર્ણનાતીત છે. એનો વિચાર પણ થઈ શકતો નથી. એની સામે જોઈ પણ શકાતું નથી.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારી પાસેથી કાંઈક માગવાનો હું વિચાર કરતી રહી—પણ બોલવાની મારી હિંમત જ ચાલી નહિ. અને એમ ને એમ વખત ચાલ્યો ગયો. તારા કંઠમાં શોભી રહેલ ગુલાબની માળા માગવાની મારા મનની વાત મારા મનમાં જ રહી ગઈ!

સવાર થયું. તેં વિદાય લીધી. પથારીમાં થોડીક ફૂલપાંદડીઓ પડી રહી. અને ભિખારીની પેઠે મેં ગુલાબની વિખરાયલી પાંદડીઓ શોધવા માંડી.

પણ આહ! આશ્ચર્યનું આશ્ચર્ય! આ મને શું મળી ગયું? તારી પ્રેમ નિશાનીની કેવી અલૌકિક ભેટ તું મૂકતો ગયો હતો મારા નાથ! એ ભેટ શું હતી?

કોઈ પુષ્પમાળા ત્યાં ન હતી. મધુર મુખવાસ પણ ન હતો. સુગંધિત જલ પણ ન હતું. ત્યાં તો તારી પ્રબળ સમશેર પડી હતી—વીજળીરેખા જેવી તેજસ્વી: વજ્જર જેવી ભારે. પ્રભાતનાં કુમળાં કિરણો, બારીમાંથી આવીને, ત્યાં તારી શય્યા ઉપર પ્રકાશ રેલાવતાં ફરે છે. પક્ષીઓ મધુર કલરવ કરતાં પૃચ્છા કરે છે: 'રે નારી! વિશ્વપતિએ કઈ ભેટ તને આપી છે?'

પણ ત્યાં પુષ્પો નથી. સુગંધિત મુખવાસ નથી. પરિમલભર્યાં જલ નથી. ત્યાં તો કેવળ તારી ભયંકર સમશેર પડી છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું ત્યાં બેસીને આશ્ચર્યચકિત બનીને વિચાર કરું છું: 'આ તે તારી કેવી ભેટ છે? એને ક્યાં સંતાડવી એ જ મારે માટે તો મોટો પ્રશ્ન થઈ પડ્યો છે!

મારું નાજુક શરીર, અને એ પહેરતાં મને શરમ આવે છે. છાતી સાથે લગાડતાં વાગી બેસવાની બીક લાગે છે. અને છતાં આ તારી ભેટને હું મારા હૃદયમાં સંઘરી રાખીશ.

કારણ કે આ દુનિયામાં હવે મારે માટે કોઈ ભય રહેશે નહિ: મારા હરેક પ્રયત્નમાં હું વિજયને જ વરીશ! મારાં પોતાનાં જ બંધન કાપવા માટે આ સમશેરની ભેટ હતી: અને તેથી દુનિયામાં મારે માટે ભય જ ન હતો!

આજથી હું મારા ક્ષુલ્લક શણગારોને છોડું છું: ઓ મારા હૃદયના સ્વામી! હવે મારે માટે રાહ જોવાનું, રોવાનું, શરમાવાનું, મધુરતા ભરેલી રીતે વર્તવાનું— એ જરૂરતું નથી રહ્યું. તેં તારી સમશેર મને આપીને શણગારોનો પણ શણગાર જાણે આપી દીધો. એની પાસે બીજું બધું—ઢીંગલીના ઘરેણા જેવું તુચ્છ લાગે છે! તારી સમશેર—પોતાનાં બંધન પોતે તોડવાં—એ પ્રતીક, એની પાસે બીજું બધું જ ફિક્કું જણાય છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજ સમજાયુ. તારો મારા પ્રત્યે રહેલો આનંદ કેમ આટલો ફુલ્લ પ્રફુલ્લ છે—એ આજ સમજાયું. આજ સમજાયું. તારો મારામાં કેમ નિવાસ છે, તે આજ સમજાયું. ઓ વિશ્વસ્વામી! હું ન હોઉં, તો મારી પ્રેમામૃતધારા ક્યાં વહે?

એટલે તારા પ્રેમસાગરની સમૃદ્ધિમાં તેં મને ભાગીદાર બનાવ્યો છે. મારા હૃદયમાંથી તારા આનંદોર્મિની અનંત તરંગમાલા ઊઠે છે, એ આટલા માટે.

મારા જીવનમાંથી, તારી સ્ફુરણા, અનેકાનેક કૃતિઓ સરજે છે!

અને હવે સમજાયું. સૌન્દર્યનું રહસ્ય હવે સમજાયું. આ બધું કરવા માટે, તેં રાજરાજેશ્વરે, મારા હૃદયને આકર્ષવા સારુ, સૌન્દર્યસાગરનો મુગટ ધારણ કર્યો છે!

અને તારા પ્રેમીના પ્રેમસાગરમાં, તું તારો પ્રેમ વહાવે છે. તારા ભક્તમાં તું તારી જાતને લીન કરીને, એની અને તારી વચ્ચેનું અંતર ટાળી દે છે—જાણે કે બન્નેની એકતામાં તુ સંપૂર્ણરૂપે પ્રગટે છે!

ચન્દ્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશ !

આખા વિશ્વને છાઈ દેતો, આંખ માત્રને ચુંબન આપતો, હૃદય તમામને આહ્લાદથી ભરી દેતો—એ પ્રકાશ !

આહ ! હે મારી મધુર મૂર્તિ ! આ પ્રકાશ જ મારા હૃદયના કેન્દ્રમાં બેસીને નૃત્ય કરે છે: આ પ્રકાશ જ, પ્રેમસારંગીના તારને સ્પર્શીને એમને સ્વર આપે છે: આ પ્રકાશ જ, આકાશને પ્રગટાવે છે: પવનને ઉત્સાહથી ભરી દે છે: આખી પૃથ્વીને હાસ્ય આનંદથી રેલાવી દે છે !

પ્રકાશના સમુદ્ર ઉપર જ પતંગિયાં પોતાની જીવનનૌકાના સઢ ફેલાવે છે. પ્રકાશના અનેક તરંગોની શિખરમાલા ઉપર બેસીને જ, જૂઈનાં ફૂલ, કમળ પુષ્પોને સૃજનજૂની પ્રેમની વાર્તા કહેવા માંડે છે !

દરેક વાદળના સોનેરી હૃદયમાં, આ પ્રકાશની કવિતા રમી રહી છે. અને આકાશમાં દેખાતાં અનેક રત્નો, આ પ્રકાશની જ જાણે વેરાયેલી કુસુમકલિકાઓ છે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંદડે પાંદડે આનંદ વહે છે, અને આ આનંદની કોઈ સીમા નથી.

સ્વર્ગની સરિતાએ આનંદકિનારાઓને છલકાવી દીધા છે. અને આનંદનું મહાપુર જાણે પૃથ્વીની મુસાફરીએ નીકળી પડ્યું છે!

આ બધો જ પ્રતાપ-પ્રકાશનો, હૃદયમાં જન્મેલા પ્રકાશનો!

હે મારી મધુરમૂર્તિ! પ્રકાશ જ, મારા હૃદયમાં કેન્દ્રસ્થાને બિરાજીને, એનું નૃત્ય આરંભે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનંત દુનિયાઓના આ સાગરકિનારા ઉપર શિશુઓનો મેળો ભરાયો છે.

માથે મૌનભરેલું સ્થિર વિસ્તીર્ણ આકાશ પથરાયેલું છે. સામે સાગરના જળનું અનંત ગાન ચાલે છે. અને આ તરફ, કિનારે શિશુઓ ભેગાં થયાં છે. નાચે છે, કૂદે છે, બૂમાબૂમ કરે છે.

તેમણે રેતીનાં ઘર કરવા માંડયાં છે. અને ખાલી શંખલા છીપલાંની રમ્મત માંડી છે. સુક્કાં પાન ભેગાં કરીને એમણે નૌકાઓ કરી છે; અને હસતાં રમતાં એઓને મહાન જલસાગરની મુસાફરીએ મોકલી છે!

જગતના સમુદ્રકિનારા ઉપર શિશુઓનો મેળો ભરાયો છે!

શી રીતે તરવું તે એ જાણતા નથી. કેમ જાળ નાખવી, એનું એમને જ્ઞાન નથી. મોતી શોધનારા મરજીવા મૌક્તિકો માટે જળમાં ડૂબકી મારે છે. વેપારીઓ એમનાં વહાણોમાં સફર કરે છે. પણ આ શિશુઓ તો કિનારે કાંકરા ભેગા કરતાં કરતાં કિલ્લોલ કરે છે. અને એમને પાછા ફેંકી દે છે. એમને છાનો ખજાનો શોધવાની કોઈ તાલાવેલી નથી, જાળ નાખવાની કાંઈ પડી નથી. એ તો એમનાં રેતીઘર બાંધે છે ને પાડે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમુદ્રના તરંગો ઉપર હાસ્યનાં મોજાં સંભળાય છે. ને કિનારે આવેલા સમુદ્રફેનમાં છાનું સ્મિત ફરકી રહેલું દેખાય છે. મૃત્યુનું મહાગાન ગાતા સમુદ્રનાં જલ-તરંગો, શિશુઓના કાન પાસે હજારો બેત બોલે છે, જાણે કે ઘોડિયામાં બાળકને હિંચોળતી મા, હાલરડાં ગાઈ રહી હોય! પણ સમુદ્ર સામે શિશુઓએ રમ્મત માંડી છે—અને સમુદ્રકિનારા ઉપર છાનું સ્મિત ફરકી રહ્યું છે.

સમુદ્રકિનારે શિશુઓનો મેળો ભરાયો છે.

પગદંડી વિહીન આકાશમાં વંટોળિયાએ દોડાદોડ માંડી છે. રેખાવિહીન જલનિધિમાં વહાણો ભાંગવા માંડ્યાં છે. મૃત્યુ જાણે મહોત્સવ ઉજવવા બહાર પડ્યું છે. પણ શિશુઓએ રમ્મત માંડી છે, અને અનંત દુનિયાઓના સમુદ્રકિનારે આજે શિશુઓનો મેળો ભરાયો છે!



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિશુઓની આંખના પોપચાંની કિનારે ઊડતું નિદ્રા–પંખી ક્યાંથી આવે છે, કોઈ જાણો છો?

મેં એક કિંવદંતી સાંભળી છે તે કહું. પરીઓની એક નાની રિયાસત, આગિયાઓના તેજપ્રકાશથી પ્રકાશિત જંગલના પડછાયાઓમાં ઊભી છે, ત્યાં મોહિની રાણીના બગીચામાં બે ફૂલકળી ખીલે છે. ત્યાંથી એ નિતનિત શિશુઓની આંખમાં આવે છે!

શિશુઓના હોઠ ઉપર ફરકતું અકારણ સ્મિત–એ ક્યાંથી આવે છે, કોઈ જાણો છો?

હા, મેં એની એક લોકકંઠે રહેનારી વાત સાંભળી છે, તે કહું.

ચંદ્ર બીજકલાની પ્રકાશરેખાએ, એક વખત શિશિરના ચાલ્યા જતા વાદળાની રૂપેરી કિનારને સ્પર્શ કર્યો. કહે છે કે ત્યારથી, પ્રભાતની પોતાની, ઝાકળભીની સ્વપ્નાવસ્થાની એક મનોરમ કલ્પના જેવું આ સ્મિત, પેલા શિશુના હોઠ ઉપર જનમ્યું છે! અને એ ભરનિદ્રામાં હોય ત્યારે એકાદ સૌંદર્ય–રેખાંકિત કાવ્યપંક્તિ છાનીમાની રીતે મૂકી જાય છે!



पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધુરી, મૃદુતાભરી તાજગી, જે શિશુના અંગે-અંગમાં સ્ફુરી રહે છે એ તાજગી ક્યાં છુપાઈ રહી છે—કોઈને એ ખબર છે?

હું તમને એ કહું. જ્યારે જનની, કુમારિકા-રૂપે હતી, ત્યારે તેના મૃદુ સ્નેહભીના હૃદયમાં, પ્રેમની એક ગહન ગુહામાં, એ રહેતી હતી! આ મૃદુ, મધુર, સુંદર પ્રભાતના પહેલા કિરણ જેવી તાજગી—એ ત્યાં રહેતી હતી। શિશુના અંગઅંગમાં સ્ફુરતી તાજગી ત્યાંથી આવી છે!



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને તો હે મારા શિશુ! દુનિયામાં રહેલા રંગની મોહિની ત્યારે સમજાણી, જ્યારે મેળામાંથી તારે માટે રંગબેરંગી રમકડાં મેં લીધાં! ત્યારે જ મને ખબર પડી કે, જલબિંદુમાં, પુષ્પોમાં, પ્રભાતમાં, વાદળામાં ને સરિતા સાગરના અગાધ પાણીમાં, શા માટે આટલા બધા રંગ છુપાયા છે!

મારી એકાદ રસળતી કવિતાપંક્તિએ તારા પગમાં નૃત્ય પ્રેર્યું, ત્યારે જ મને ખબર પડી કે હરપળે, વૃક્ષનાં પાંદડાં શા માટે નૃત્ય કરે છે અને એમાંથી શા માટે સંગીત ઊભું થાય છે! ત્યારે જ મને સમજાયું કે જલરાશિના અનેકાનેક તરંગો, શા માટે પળે પળે પૃથ્વીના હૃદય ભણી સંગીત હેલીને મોકલી રહ્યાં છે!

તારા તલસી રહેલા હાથમાં આપવા માટે, મેં મધમધતી મીઠાઈઓ આણી, ત્યારે જ મને સમજાયું કે ફૂલની પ્યાલીમાં શા માટે મધ બેઠું છે, અને ફળોમાં કેમ મધુરસનો ભંડાર છલકાઈ રહ્યો છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને હે મારા પ્રિય શિશુ! તારું એકાદ સ્મિત નિરખવા માટે, હું તને પ્રેમભર્યું ચુંબન આપું છું, ત્યારે જ મને સમજાય છે કે, પ્રભાતનું પહેલું કિરણ, પેલા જુગજુગ જૂના હિમાદ્રિના શિખરની ટોચને સ્પર્શતાં, સૌન્દર્યમહાસાગરના, કલ્પના શિશુ જેવું, રૂપ રૂપભર્યું કેમ બની જાય છે! અને નિતનિત આવતા સૂર્યકિરણને નીરખીને પૃથ્વીની કાયાને કેમ આનંદ આનંદ લાગે છે! અને ગ્રીષ્મની અનિલ લેરખીને સ્પર્શતાં, મને શા માટે રોમ રોમમાં હર્ષ આવે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે મિત્રોને હું ઓળખતો જ ન હતો, તે મિત્રોની સાથે તેં મારી પિછાન કરાવી દીધી. મારું પોતાનું ન હતું, એવું ઘરેઘર મારું સ્થાન બની ગયું છે.

તેં દૂરનાને નજીક આણ્યા. અને અણઓળખતીઓને મારા ભાઈઓ બનાવ્યા!

એટલે જ્યારે, આ મારો વસવાટ, મારે છોડવાનો છે, ત્યારે મને મનમાં કૈં કૈં થઈ જાય છે!

મને એ પણ ધ્યાનમાં નથી રહેતું કે નવીનોમાં વસે છે તો જૂનું જ. અને ત્યાં એ જૂનામાં પણ ખરી રીતે તો તું જ વસી રહ્યો છે!

આ દુનિયામાં અને બીજી પણ અનેક દુનિયાઓમાં, જ્યાં જ્યાં જન્મ અને મૃત્યુ દ્વારા હું જાઉં છું, ત્યાં ત્યાં દોરનારો તો તું જ છે! તું જ મારી અનંત જીવનયાત્રાનો મિત્ર છે! તું જ મારા હૃદયને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદના બંધનોથી અપરિચિતો જોડે જોડે છે! જ્યારે તારી ઝાંખી થાય છે, ત્યારે કોઈ જ અપરિચિત અને અણજાણ રહેતું નથી! ત્યારે કોઈ દ્વાર, બંધનરૂપ રહેતું નથી!

અનેકોની સાથેની આનંદભરી રંગરમતમાં હું તને એકને, કોઈ દિવસ ખોઉં નહિ એટલે બસ! હે અનંતના સ્વામી! તારી પાસે, મારી માત્ર એ એક જ પ્રાર્થના છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકાકી, નીર વહન કરતી સરિતાના કિનારે ઊગેલાં માથાબૂડ ઘાસના ખીડમાં ઊભેલી એ કુમારિકાને મેં કહ્યું: 'હે કુમારિકા! તું આ તારા દીપને, વસ્ત્રવડે રક્ષીને ક્યાં લઈ જવા નીકળી છે? મારું ઘર અંધકારમય છે. અને એકલું નિર્જીવ પડ્યું છે. તારો દીપ મને થોડીવાર આપે તો હું એને પ્રકાશ-મય કરું!'

કુમારિકાએ પોતાની કાળી ભમ્મર જેવી આંખો ઊંચી કરીને મારી સામે એક પળભર જોયું અને મને કહ્યું: 'હું તો નદીના વહેતા પાણીમાં સંધ્યા ટાણે મારો દીપ વહેતો મૂકવા આવી છું!'

ત્યાંનાં ઊંચાં ઘાસમાં હું એકલો ઊભો રહ્યો અને તેના દીપને નિરર્થક જલપ્રવાહમાં વહેતો જોઈ રહ્યો!

મધરાતના ગાઢ અંધકાર સમયે મેં ફરીને કુમારિકાને પૂછ્યું: 'તમારા ઘરના બધા દીવાઓ પ્રગટી ઊઠ્યા છે, હવે આ દીપને લઈને ક્યાં ઉપડ્યાં છો? મારા ઘરમાં હજી ક્યાંય પ્રકાશ નથી, એકલું એકાંતમાં એ નિર્જીવ જેવું ઊભું છે. તમારો દીપ મને થોડીવાર આપો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે પોતાની કાળી ભમ્મર આંખોને મારા તરફ ઊંચી કરી અને થોડીવાર શંકામાં હોય તેમ એ ઊભી રહી. પછી તેણે કહ્યું: ‘હું તો આ આકાશને ધરવા માટે મારો દીપ લઈને આવી છું!’

હું ત્યાં ઊભો રહ્યો અને અવકાશમાં નિરર્થક જલતા દીપને જોઈ રહ્યો!

પછી ચંદ્રઆથમ્યા મધરાતના શૂન્ય અંધકાર સમયે, મેં એક વખત ફરીને એને પૂછયું: ‘હે કુમારિકા! તારા હૃદય સમક્ષ ધારેલો આ દીપ, હવે કઈ શોધ માટે તેં ધરી રાખ્યો છે? મારું ઘર હજી અંધકારમય છે, અને એકાકી શૂન્ય જેવું ઊભું છે. તારો આ દીપ થોડો વખત મને આપ!’

તે એક પળ માટે ત્યાં ઊભી રહી. જરા વિચાર કરતી જણાઈ. અંધારામાં મારા મોં તરફ જોઈ રહી. અને પછી બોલી: ‘મેં તે મારો દીવડો, દીપમાલાના મહોત્સવમાં વહેતો મૂકવા માટે આણ્યો હતો!’

હું ત્યાં ઊભો રહ્યો. અને તેના દીપને, અનેક દીવડાઓની સાથે ભળી જઈને, જાત ખોઈ બેઠેલો હોય તેવો થતો, જોઈ રહ્યો!



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા જીવનકુંભના છલકાતા રસપ્રવાહમાંથી, હે મારા પ્રભુ! તને કેવું દૈવી પેય ધરું કે જે તને ગમે?

હે મારા કવિરાજ! તારા સર્જનને, મારા ચક્ષુમાંથી નિહાળવાનું તને મન છે? કે મારા કર્ણદ્વારને આંગણે ઊભા રહીને, તારા પોતાના અનંત સંવાદગાનને શ્રવણ કરવાની તારી ઈચ્છા છે?

તારા જગતમાંથી મારા મનને આંગણે શબ્દો વણાતા આવે છે અને તારો જ આનંદ એ શબ્દોને સંગીતના સ્વરો આપે છે! તેં તારી જ જાત મને પ્રેમથી અર્પી, અને પછી એ સંપૂર્ણ બનેલી મધુરતાને મારા દ્વારા તું અનુભવવા બેઠો!



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા છેલ્લા ગીતમાં હું તને એની ભેટ ધરીશ, જે હંમેશાં મારી સાથે રહેવા છતાં કોઈ દિવસ પ્રગટ થઈ ન હતી. જેણે પ્રભાતના પ્રકાશમાં કોઈ દિવસ પોતાનો ઘૂંઘટ ખોલ્યો જ ન હતો. હે મારા પ્રભુ ! મારી છેલ્લી ભેટ એ હશે.

શબ્દોએ, એને કોઈ હજારો વાર પ્રેમ કર્યો હશે અને છતાં એને એક પળવાર પણ મેળવી શકવા એ સમર્થ બન્યા ન હતા. સમજણશક્તિએ પોતાના આતુર હાથ લંબાવીને એને મેળવવા યત્ન કર્યો હતો—પણ નિષ્ફળ!

હું મારા અંતરની એક ગુહામાં એને સાચવીને દેશોદેશ ભટકયો છું. એની આસપાસ મારા જીવન-યુગના કૈંક સામ્રાજ્યો ઊભાં થયાં છે અને ખરી પડયાં છે !

મારા વિચારો ઉપર, કાર્યો ઉપર, સ્વપ્નાં ઉપર, નિદ્રા ઉપર, આશા આકાંક્ષા અને મહત્તા ઉપર, રાજ એણે કર્યું છે, છતાં એ તો જુદી જ બેઠી રહી છે, જુદી જ જાણે વસી રહી છે !

સેંકડો માણસોએ મારાં દ્વાર ખખડાવ્યાં હતાં, એની માગણી કરવા, પણ એ દરેક નિરાશ થઈ ને પાછા ફર્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને પ્રત્યક્ષ જોનારો એક પણ માણસ આ આખી દુનિયામાં ક્યાંય કોઈ દિવસ નજરે ચડ્યો નથી. અને એ પોતે તો એકલી, પોતાના અનોખા ભવનમાં, તું એને ઓળખે માટે, હજી રાહ જોતી બેઠી જ છે!

મારા નાથ! મારી છેલ્લી ભેટ તારે માટે એની હો! એ પ્રાણના પણ પ્રાણની!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તું, જ અનંત આકાશ છે મારા પ્રભુ! અને તું જ નાનકડો માળો પણ છે.

હે સૌન્દર્યના સ્વામી! આ માળામાં તારો જ પ્રેમ આવીને આત્માને, રંગની અને શબ્દની, અને સુગંધની ભેટ આપી જાય છે!

હાથમાં સોનેરી માળા રાખીને પૃથ્વીના મુગટને શણગારવા માટે દરરોજ, પ્રભાત, આવે છે.

પશ્ચિમના જલનિધિના અંતરમાંથી, સોનેરી કુંભમાં, શાંત આરામની પળોને ભરતી હરેક સંધ્યા, એ જ પ્રમાણે દરરોજ સાંજે, ઘાસનાં બીડને, સોનાની રજથી છાઈ દે છે!

પણ જ્યાં આત્માના ઉડ્ડયન માટે અગાધ વિસ્તીર્ણ આકાશ પથરાયલું પડ્યું છે, ત્યાં નિષ્કલંક શુચિતા જેવી કેવળ શુભ્રતા વિરાજે છે! ત્યાં નથી દિવસ, નથી રાત્રિ, નથી રૂપ, રંગ, આકાર, કે રેખા, અને ત્યાં નથી શબ્દ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂરજ આથમી ગયો છે.

સંધ્યાના પડછાયા પૃથ્વીને ભેટવા આવ્યા છે. મારા કુંભને ભરી લેવા માટે નદીએ જવાનો વખત થઈ ગયો છે.

જલસંગીતની કરુણ સ્વરોની બાનીથી સાંધ્ય હવાનું અંતર સભર ભર્યું છે. આ હા ! એ સંધ્યાનો આછો અંધકાર જાણે મને બોલાવી રહ્યો છે!

એકાંત નીરવ પંથમાં કોઈ મુસાફર દેખાતો નથી. પવન શાંત થઇ ગયો છે. જલતરંગો નદીના તીરપ્રદેશમાં બેસી ગયા છે.

મને ખબર નથી, હું પાછો આ ઘેરે આવીશ કે નહિ. કોણ મળશે ને કોણ નહિ .મળે, એની પણ મને જાણ નથી. પેલા ઘાટ ઉપર એક નાનકડી જલનૌકા ઉપર બેસીને કોઈ અજાણ્યો માણસ ગજબની વેદનાભરી આકર્ષક બંસી બજાવી રહ્યો છે—જાણે કે મને બોલાવી રહ્યો છે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારી માણસોની તમામ જરૂરિયાતો પૂરી પાડયા પછી તારી ભેટસોગાદનો પ્રવાહ પાછો તારા તરફ, એવો ને એવો, લેશ પણ ઘટાડા વિનાનો વહે છે!

નદીનાં જળ, નિત્યનાં કાર્યો પતાવીને, ખેતર જંગલ અને વનોપવનમાં વહેતાં વહેતાં તારા પાદ પ્રક્ષાલન માટે જાણે, પાછાં ધસીમસી રહ્યાં હોય!

પુષ્પોનો પરિમલ હવાને સુગંધથી ભરી દે છે. અને છતાં એનામાંથી છલકાતી સુગંધીનો છેલ્લો કટોરો તારે આંગણે ઠાલવવા માટે પવન હમેશાં દોડી રહ્યો હોય છે!

તારે આંગણે ધરેલી ભેટથી, જગત કોઈ દિવસ અકિંચન બન્યું જાણ્યું નથી!

કવિના કાવ્યોમાંથી લોકો ઠીક પડે તે અર્થો વીણી લે છે... અને છતાં એક છેલ્લો અર્થ તારે ચરણે શિર ઝુકાવતો, ત્યાં બેઠો હોય છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે મારા નાથ! મૃત્યુદેવ, જે તારો એક નોકર છે, તે મારે આંગણે આવીને ઊભો છે.

અજાણ્યા મહાસાગરને ઉલ્લંઘીને તે આવ્યો છે, અને એની પાસે તારો સંદેશો છે.

રાત્રિ અંધારઘેરી છે. મારું હૃદય ધડકે છે, પણ હું દીપક ધરીને એની સામે જઈશ. મારા ઘરનાં બારણાં એને માટે ઉઘાડીશ. એ તારા સંદેશવાહકને સ્વાગત આપીશ.

બે હાથ જોડીને, અને અશ્રુબિંદુઓથી હું એની અર્ચના કરીશ. મારા હૃદયની સમૃદ્ધિ એને ચરણે ધરીને હું એને પૂજીશ.

તે તારો સંદેશો પાર પાડીને પાછો જશે. મારા જીવનપ્રભાતને, પોતાના પડછાયાથી ઢાંકી દેશે.

પછી મારા એકલા, ઉજ્જડ ઘરમાં, મારો એકલો આત્મા તારે ચરણે આવવા માટે બેઠો હશે!

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૭.]

મેં તારી પાસેથી કાંઈ જ યાચ્યું ન હતું. મારું નામ પણ મેં તારા કાન પાસે પુકાર્યું ન હતું. જ્યારે તેં રજા લીધી ત્યારે ત્યાં હું મૂંગો ઊભો હતો. ત્યાં એ કૂવાકાંઠે, ઝાડના પડછાયા વધતા જતા હતા અને હું એકલો ઊભો હતો. પોતાના જલકુંભ ભરીને સ્ત્રીઓ ઘર ભણી વળી ગઈ હતી. એમણે મને બોલાવ્યો પણ ખરો અને મોટેથી કહ્યું: 'અમારી સાથે ચાલ, હમણાં બપોર થઈ જશે!'

પણ હું તો મારા, નામનિશાન વિનાના વિચારમાં ત્યાં તલ્લીન હતો!

તું આવ્યો ત્યારે તારાં પગલાં પણ મેં સાંભળ્યાં નહિ. તારી આંખ મારા પર પડી, ત્યારે એમાં કરુણતા છલકાતી હતી. તું બોલ્યો, ત્યારે તારા અવાજમાં થાક હતો. તેં ધીમેથી કહ્યું: 'આહ! હું જલપિપાસુ મુસાફર છું!'

હું મારાં દિવાસ્વપ્નમાંથી જાગ્યો અને તારા ખોબામાં મારા કુંભમાંથી પાણી રેડ્યું. ઝાડ ઉપર પાંદડાં હસી રહ્યાં હતાં અને કોણ જાણે કયા અંધાર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખૂણેથી કોયલ ગાઈ રહી હતી. રસ્તા ઉપરથી બાવળનાં ફૂલોની મંદસુગંધ રસળતી ત્યાં આવી રહી:હતી.

તેં મારું નામ પૂછ્યું–અને હું ત્યાં અવાક્ જેવો ઊભો રહ્યો! મેં એવું શું કર્યું હતું કે તારી યાદીમાં મારું નામ સંભારવા જેવું લાગ્યું હોય?

પણ આટલી આ એક નાની યાદી, કે, મેં તારા ખોબામાં તારી તૃષા છીપાવવા પાણી આપ્યું હતું, એ યાદી, મારા હૃદયના ખૂણેખૂણામાં, પોતાનું સ્થાન લેશે, અને એનો પરિમલ ફેલાવતી, ત્યાં હમેશને માટે બેસશે!

પ્રભાત વહી ગયું છે, પક્ષીઓ હજી થાકેલા સ્વરે ગાયા કરે છે. મારા માથા ઉપર લીમડાનાં પાન ધીમો અવાજ કરી રહ્યાં છે. અને હું હજી ત્યાં બેઠો છું, અને વિચાર કર્યા કરું છું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૮]

તારા અંતરમાં આળસ સૂતું છે. આંખમાં હજી નિદ્રા બેઠી છે. પણ શું તારા કાન ઉપર વાત આવી નથી કે કાંટાની વાડમાં એક ગજબનું ફૂલ પોતાની સૌંદર્યશ્રી પ્રગટાવતું વિલસી રહ્યું છે? ઓ જાગ, નિદ્રાધીન! જાગ, વખતનદને વહી જવા દે મા!

પથ્થરભર્યા રસ્તાને છેડે, જ્યાં કોઈએ કદી પગ મૂક્યો નથી એવા અણખેડ એકાંતમાં, મારો એ મિત્ર તદ્દન એકલો બેઠો છે! એને દગો દે મા. હે જાગ્રતપુરુષ! **જાગી જા!**

બપોરના પ્રચંડ સૂર્યના તાપથી, આકાશમાં અગ્નિ સળગે અને ધરતી ધ્રૂજે, તો પણ શું?

તૃષાતુર કંઠને બળબળતી રેતી ભરી દે, તોપણ શું?

તારા હૃદયની ગુહામાં ઊંડે ઊંડે આનંદસાગરની ઊર્મિઓ શું ઉછળતી નથી?

તારું પ્રયાણ થતાં, તારા પંથતળેનો, દરેકે દરેક પથ્થર તાર બનીને શું વેદનાભર્યા મધુર સ્વરની લહેજત આપતો ઝણઝણી નહિ ઊઠે?

જાગ્રતિ પામેલા! જાગ જાગ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાં હવે હું સમજ્યો. તારો આનંદરૂપ મારામાંથી છલકાઈ રહ્યો છે. આટલા જ માટે તું આંહીં મારી પાસે નીચે આવ્યો છે!

ઓ અનેક સ્વર્ગના સ્વામી! હું ન હોત, તો તારી પ્રેમભરી કરુણાનું પાત્ર કોણ હોત?

તેં મને તારો ભાગીદાર બનાવ્યો, અને અખૂટ સમૃદ્ધિનો પણ હું ભગીદાર થયો.

મારા અંતરમાં તારા અનંત આનંદની લીલા ચાલી રહી છે!

તારી ઇચ્છા, મારા જીવનદ્વારા આકાર લઈ રહી છે! અને આટલા માટે તું, જે રાજાનો પણ રાજા છો, તે મને બાંધી રાખવા માટે, સૌન્દર્યસાગરનો સ્વામી બનીને મારી સામે શોભી રહ્યો છે! અને એટલા જ માટે તારો પ્રેમ, તારા પ્રેમીના પ્રેમમાં ખોવાઈ જાય છે! અને એવી પ્રેમહૂંફમાં—બીજું કોઈ નહિ, તું જ—નજરે પડે છે!



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે મારા સ્વામી! આ છલકતા જીવનકુંભમાંથી તારી ઈચ્છા, કયું દૈવી પીણું પીવાની થઈ છે?

હે કવિરાજ! તારી ઈચ્છા તારું જ સર્જન મારા ચક્ષુદ્વારા જોવાની થઈ છે, કે પછી તારા જ અમર સંગીતનો નાદ સાંભળવા માટે તું જ, મારા કર્ણદ્વારે આવીને બેસી ગયો છે?

તારી દુનિયા મારા અંતરમાં તાણાવાણાનું શબ્દ–પટ વણે છે, અને તારો જ આનંદ શબ્દોમાં સ્વરની મધુરતા મૂકે છે!

તું જ તારો પ્રેમ મારામાં અંકિત કરીને, તારી જ સંપૂર્ણ મધુરતા લેવા મારામાં આવે છે! કેવું આશ્ચર્ય!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫૧]

આકાશમાંથી આવેલું સૂર્યકિરણ, આખા દિવસને અંતે મારાં અશ્રુ, આહ, અને આનંદ તારે ચરણે ઠાલવવા, વાદળાં ઘડે છે!

તું આ વરાળ જેવા વાદળને તારી તારાંકિત છાતીમાં લપેટી લે છે અને એમાંથી અનંત આકારો અને આકૃતિઓ રચે છે. હમેશ બદલાતા રંગોથી રંગીને એમને તું પાછા ફરવા મૂકે છે!

એ એટલાં તો હલકાં, રમતિયાળ, નાજુક, જલાશ્રુભર્યાં સુંદરશ્યામ છે, કે તું તેમને પ્રેમભરેલી દૃષ્ટિએ નિહાળ્યા કરે છે! તું જે ગંભીરમાં પણ ગંભીર છે!

અને એટલે તો તારા આંજી નાખે તેવા ભવ્ય શ્વેતપ્રકાશને ઢાંકી દેતા આ કરુણ પડછાયા આમ તેમ ફર્યા કરે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે જીવનપ્રવાહ મારામાં વહી રહ્યો છે એ જ જીવનપ્રવાહ રાતદિવસ જગતમાં વહી રહ્યો છે.

ઘાસની સળીએ સળીમાં, અને ધૂળના કણેકણમાં તાલબદ્ધ નૃત્ય પણ એ જ કરે છે.

એ એ જ આનંદ છે કે જે, ધૂળમાંથી અસંખ્ય ઘાસસળી રૂપે પ્રગટે છે, અને પાંદડાં અને ફૂલોમાં પણ એ જ પ્રગટે છે.

જન્મમરણના હીંચકે હીંચકતો એ જ આનંદ, સાગરની ભરતીઓટને પારણે ઝૂલી રહ્યો છે.

આ વિશ્વવ્યાપી જીવનના સ્પર્શથી મારા અંગેઅંગને ગૌરવ મળેલ છે, અને મારી સભાન અહંતા એ બીજું કાંઈ નથી, યુગયુગથી મારા લોહીકણમાં નૃત્ય કરતો જીવનનો એ રણકો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫૩]

હું તને મારા ઈશ્વર લેખે ગણું છુ, અને એટલે તારાથી દૂર ઊભો રહું છું. મારો પોતાનો નિકટ સંબંધી સમજીને હું પાસે આવતો નથી. તને, હું મારો પિતા સમજીને બે હાથ જોડીને પ્રણમું છું. પણ સખા ગણીને, તારા હાથમાં મારો હાથ મૂકી શકતો નથી.

તું જ્યાં આવે છે, અને જ્યાં તું મારી જાતને તારા અંતરમાં સ્થાન આપે છે, ત્યાં હું ઊભો રહેતો નથી. તને મારા હૃદયમાં સ્થાપવાનું અને તને મારા મિત્ર તરીકે જાણવાનું જે સ્થળ છે ત્યાં હું ઊભો રહેતો નથી!

મારા અસંખ્ય બંધુઓમાંનો તું એક શ્રેષ્ઠતમ બંધુ છે, એ જાણતાં છતાં, હું તેમને સાંભળતો નથી, કે સાંભળું છું તો જે કરવાનું, મારાં સુખસાધન વહેંચીને ભાઈ ભાગ લેખે સમાન રીતે ભોગવવાનું, એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતો નથી! એમ કરીને જ હું મારું સર્વસ્વ તારી સાથે રહીને ઉપભોગ કરી શકું! પણ એ તો બનતું નથી. એટલે આનંદમાં ને શોકમાં, હું જનગણ સાથે, એટલે કે તારી સાથે, ઊભતો નથી!

જીવનનો મને મોટામાં મોટો ભય છે. જે જીવન તારી ભેટ છે, એ જીવનને છોડતાં હું ધ્રૂજું છું! એટલે જીવનના મહાન સમુદ્રમાં એક ડૂબકી મારવાનું સદ્‌ભાગ્ય પણ મને મળતું નથી!



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે સૃષ્ટિની શિશુ-અવસ્થા હતી, આકાશી ગુમ્બજમાં તારાઓ હજી એક પછી એક આવતા જતા હતા, ત્યારે એક વખત દેવલોકની સભા થઈ, અને દેવતાઓએ એક સ્તુતિગાન આરંભ્યું. એના શબ્દો હતા: 'આહ! સંપૂર્ણ દર્શનની રમ્યતા! અહો! અમિશ્રિત આનંદ મહોદધિ!'

પણ ગાન આગળ વધે એટલામાં ત્યાં તાલભંગ થયો. કોઈક બોલી રહ્યું હતું: 'પ્રકાશના પંથમાં ક્યાંક ભંગાણ પડ્યું છે, અને એકાદ તારો લુપ્ત થઈ ગયો છે!'

સોનેરી દેવી વીણાનો ઝંકાર બંધ પડ્યો. ગાન અટકી ગયું, અને એમના અંતરમાં શોક ઉભરાયો: 'અરે! પણ એ ખોવાયેલો તારો જ સર્વશ્રેષ્ઠ હતો એનું શું? સ્વર્ગ લોકનો મુગટમણિ તો એ જ હતો! આ હા! હવે?'

તે દિવસથી એ લુપ્ત તેજતારાની શોધ ચાલવા માંડી છે. આજ દિવસ સુધી હજી એ શોધ પૂરી થઈ નથી. એનો પત્તો લાગ્યો નથી. અને જન્મેલા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગર જન્મેલા સૌ, 'જે તારો લુપ્ત થયો તે જ સર્વશ્રેષ્ઠ હતો!' એમ અંતરની તૃષાનો પોકાર પાડતા આંહીં ફરે છે!

જે તારાઓ છે, એમના અસ્તિત્વથી મળતા આનંદ કટોરા પણ ત્યારથી નિરર્થક થઈ પડ્યા છે!

માત્ર અંધારઘેરી રાત્રિમાં, આકાશી તારાઓ આ સાંભળે છે ને એક બીજા સામે જોઈ ને સ્મિત કરતા ધીમેથી બોલે છે: 'આ શોધ વ્યર્થ છે! દરેકમાં એ જ સંપૂર્ણતા પ્રગટી રહી છે! દરેકને એ જ સંપૂર્ણતા મળી છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ, જીવનમાં, તારાં પ્રત્યક્ષ દર્શનનું સદ્‌ભાગ્ય મને ન મળવાનું હોય, તો પછી તારાં દર્શન મેં, 'થતાં થતાંમાં, લગભગ ગુમાવ્યાં છે!' એવી મારા સ્વપ્નામાં ને મારી જાગ્રત દશામાં, એક કરુણતા ભરેલી લાગણી નિરંતર રહો! અને એક પળ હું ન ભૂલું.

અને મારા સ્વપ્નામાં અને જાગ્રત દશામાં એને મારી સાથે વરું!

અને જ્યારે મારા દિવસો નફાકારક ધમાલિયા બજારમાં જતા હોય, ને નફાપૈસાથી હાથ ભરાઈ જતા હોય, ત્યારે પણ મારા અંતરમાં તો મને આ લાગણી રહો કે કાંઈ સાચો લાભ મને થયો નથી. કાંઈ ખરો લાભ મેં મેળવ્યો નથી. અંતરની પેલી કરુણતા ભરી વેદના, એ જ મારા સ્વપ્નામાં ને મારી જાગ્રત અવસ્થામાં, મારી સાથે નિરંતર રહો!

જ્યારે હું રસ્તા ઉપર થાકેલો હાંફેલો એક બાજુ બેસી જાઉં, જ્યારે ધૂળમાં નીચે પથારી પાથરીને પડચો હોઉં, ત્યારે પણ મને આ જાગ્રતિ હો કે હજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ઘણો લાંબો પંથ આગળ પડયો છે. પેલી કરુણ-વેદના મારા સ્વપ્નામાં કે મારી જાગ્રત અવસ્થા-માં નિરંતર સાથે વહો !

ભભકાભર્યા ખંડો શોભાયમાન થયા હોય, બંસીઓ વાગતી હોય, હાસ્યછોળો ઊડતી હોય, ત્યારે પણ મને નિરંતર લાગ્યા કરે કે હું તને મારે ત્યાં આમંત્રી શકયો નથી. પેલી શોક ભરેલી કરુણ વેદના મારા સ્વપ્નામાં મારી જાગ્રત અવસ્થામાં નિરંતર સાથે રહો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારા ગાનના સ્વરો કેવા છે એ મને ખબર નથી, મારા સ્વામી! હું મંત્રમુગ્ધ બનીને મૌન રહી એ સાંભળ્યા જ કરું છું!

તારા ગાનનો પ્રકાશ દુનિયાને અજવાળે છે. તારા ગાનનો પ્રાણ આકાશોને ફરી વળે છે! તારા ગાનનો રસપ્રવાહ, ગમે તેવી મુશ્કેલીઓને વટાવતો આગળ ધસે છે!

મારું અંતર તારા ગાનમાં સાથ પૂરવા અધીરું થઈ રહ્યું છે. પણ એ અવાજ કાઢવાના વ્યર્થ પ્રયત્નમાં જ એ અટવાયા કરે છે!

મને મન છે કે હું કાંઈક શબ્દ કાઢું, કાંઈક બોલું, પણ શબ્દ માટે કોઇ સ્વર જ મળતો નથી! અને હું કેવળ ગભરાટમાં રડી રહું છું!

તારા ગાનની અનંત ગૂંથણીઓમાં તેં મારા હૃદયને બંદીવાન બનાવીને રાખ્યું છે, મારા સ્વામી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



[૪૭]

અરે મૂરખ! પોતાના ખભા ઉપર પોતાનો શરીર ભાર મૂકવાનો પ્રયત્ન કરનારને, બીજું કયું વિશેષણ અપાય? રે મૂરખ!

અરે ભિખારી! તારી આ કેવી વિચિત્ર વાત છે? તારે ઘરબારણે જ તું માગવા બેઠો છે!

જે હાથ ભાર ઉપાડવા સમર્થ છે, એ હાથને, તારી બધી ગાંઠડીઓનો ભાર સોંપી દે! ખોટા પશ્ચાત્તાપમાં પડીને, એ તરફ પાછા ફરીને નજર નાખવાનું પણ છોડી દેજે!

દીપિકાના પ્રકાશને અડતાં જ, વાસનાની હવા, એને ઠારી નાખે છે! એ હવા અપવિત્ર છે. એ વાસનાની હાથની કોઈ ભેટ લેતો નહિ!

જે કાંઈ પવિત્ર પ્રેમ દ્વારા આવે—એટલું જ સ્વીકારજે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે મા! મારી અશ્રુવેદનામાંથી હું તારા માટે મોતી માળા ગૂંથીશ. મારી પાસે એ છે.

આકાશ તો, હે મા! તારે ચરણે ધરવાને, રાત્રિ-દિવસની ફૂલગૂંથણી ગૂંથે છે. તારાઓ, એમના આછા પ્રકાશથી, તારે માટે સોનેરી રૂપેરી નૂપુર ગૂંથે છે. પણ એ તમામ તો તારા ચરણમાં રહેશે. તારી છાતી ઉપર તો, મારી શોકઅશ્રુની મૌક્તિક માલા પડી હશે!

સમૃદ્ધિ અને યશ, તારા ચરણોમાંથી નીકળે છે. એમને આપવાં કે ન આપવાં, એ તારી ઈચ્છાનો વિષય છે. તેં એ ન આપ્યાં હોય, તો હું, એ ક્યાંથી લાવી શકું? પણ આ શોકનાં આંસુ, એ તો મારી પોતાની મોંઘી મિલકત છે. અને જ્યારે એ હું તારી પાસે લાવું છું, ત્યારે તું તારા દયામય નેત્રથી મને નવાજે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫૯]

દુનિયામાં જે કંઈ સુંદર છે, તે વિયોગના અગ્નિમાંથી બહાર આવે છે. અનંત આકાશમાં વિહરતી અનેક રૂપમૂર્તિઓ એ બીજું કાંઈ નથી, આવી વિયોગ અવસ્થાની, કલ્પનાની પાંખે ચડી ગયેલી પરીઓ છે.

આકાશી તારાઓ, આખી રાત, આવી મૂંગી વેદનાનાં કરુણ કાવ્યો, એક બીજા પ્રત્યે નેત્રસંકેતથી બોલ્યા કરે છે, અને એ જ કરુણ કાવ્યો, અંધારી રાતે વરસાદભીંજ્યાં પાંદડાંમાં આવીને, દુનિયાની કવિતાપંક્તિઓ થઈ જાય છે!

આકાશથી ધરતી સુધી પથરાઈ ગયેલી આ વેદના, એ જ, નિરવધિ પ્રેમમાં રૂપાંતર પામે છે. એ જ અદમ્ય વાસના બને છે. એ જ દુ:ખના બોલ બોલે છે. અને એ જ માણસના ઘરઘરની, આનંદ રેલાવતી, સૌન્દર્યકવિતા બને છે!

અને એ જ મારા કવિની અંતરગુહામાં બેસીને મારી અબોલ વીણામાંથી, કરુણ મધુર ગાન વહાવે છે!

એ જ વિયોગવેદના!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે સૈનિકો પહેલ-વહેલા સેનાપતિના દ્વારમાંથી બહાર આવ્યા, ત્યારે એમની આ બધી શક્તિઓ ક્યાં છૂપાઈ ગઈ હતી?

એમનાં હથિયાર ક્યાં હતાં? એમનાં બખ્તર ક્યાં હતાં?

એ દીન અને નિરાધાર દેખાતા હતા. અને સેના-પતિના દ્વારમાંથી નીકળ્યા, ત્યારે એમના ઉપર તીરો વરસતાં હતાં!

જ્યારે એ જ સૈનિકો, સ્વામીના શિબિર ધામે જવા નીકળ્યા, ત્યારે પણ એમની શક્તિઓ ક્યાં સંતાઈ ગઈ હતી?

એમણે તલવાર છોડી દીધી હતી. હથિયાર મૂકી દીધાં હતાં. તીર અને બાણ તજી દીધાં હતાં. એમની મુખમુદ્રામાં શાંતિનો ઉલ્લેખ હતો. અને જીવનનાં બધાં ફળ એમણે પાછળ છોડયાં હતાં. સ્વામીના શિબિરે જવાનો વખત થયો, અને બધાં જ ફળો એમણે પાછળ મૂકી દીધાં હતાં!

લડવૈયાઓ, પોતાના રાજેન્દ્રની શિબિરે પાછા ફરી રહ્યા હતા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૬૧]

અને મેં તો ભારે સાહસ કરીને પણ તેની શોધખોળ કરવા માંડી. ઘરના ખૂણે ખૂણા જોઈ વળ્યો. મને એનો ક્યાંય પત્તો લાગ્યો નહિ!

મારું ઘર નાનકડું છે, પણ એમાંથી જે કાંઈ જાય છે, તે પાછું ફરી પ્રાપ્ત કરી શકાતું નથી.

પણ તારો મહાલય તો અનંત દિશાઓમાં વિસ્તરેલો પડ્યો છે. એટલે હું એને શોધવા જતાં તારે દ્વારે આવીને ઊભો રહ્યો છું! સાંધ્ય આકાશી રંગોની તારી ઘુમ્મટમાળા નીચે હું ઊભો રહ્યો છું. આતુર નેત્રોએ મુખમુદ્રા ઉપર નજર કરી રહ્યો છું.

જ્યાંથી કાંઈ જ હવે લુપ્ત થઈ શકવાની સંભાવના નથી, એવા અનંત સમયસાગરના કિનારા ઉપર હું આવીને ઊભો રહી ગયો છું. કાંઈ જ આંહીંથી લુપ્ત થવાનું નહિ! આશા નહિ, કોઈ આનંદ નહિ, અશ્રુપૂર્ણ નેત્રો દ્વારા જોવાની મુખમુદ્રાનું સ્વચ્છ દર્શન પણ નહિ. આંહીંથી કાંઈ જ અદૃશ્ય થવાનું નહિ!

આ મહાસાગરમાં, મારા ખાલીખમ થયેલા જીવનને એકવાર તું ડૂબકી મરાવ. એને ઊંડામાં ઊંડા જલમાં સંપૂર્ણપણે ડુબાડી દે. એક વખત વિશ્વવ્યાપી એ મધુર સ્પર્શનો સુખાનુભવ મને થવા દે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રે મારા ભંગાર બનેલા મંદિરના દેવ! મારી ભગ્નવીણામાંથી તારી પ્રશસ્તિનું કોઈ ગાન હવે નીકળતું નથી.

સાંજનો ઘંટારવ તારી પૂજાનો સાદ આપતો નથી. હવા શાંત છે. મૌન વ્યાપી ગયું છે.

તારા એકાંત વસ્તીગૃહમાં કોઈ કોઈ વખત રખડુ, સ્વચ્છંદી, વસંતની લેરખી ભૂલી પડી જાય છે. પુષ્પના પરિમલનો એ સંદેશો આણે છે. એ જ પુષ્પો, જે હવે તારી પૂજામાં વપરાતાં નથી!

તારો પૂજારી, એની હજી અતૃપ્ત રહેલી આશાનો દોર પકડીને આંહીંતંહીં રખડે છે. સંધ્યા સમયે, જ્યારે તેજ અને પડછાયા સાંજની ધૂમસમાં ભળી જાય છે, ત્યારે એ તારો થાકેલો પૂજારી, આ ભગ્ન મંદિરે પાછો ફરે છે—એના અંતરમાં અતૃપ્ત ઈચ્છાની ક્ષુધા લઈને! હવે તો શાંત મૌનમાં બેઠેલા તારી પાસે, હે મારા મંદિરના દેવ! અનેક ઉત્સવ દિનો આવીને ચાલ્યા જાય છે! કેટલીયે રાત્રિઓ પૂજાદીપનો પ્રકાશ પણ દેખ્યા વિના પસાર થઈ જાય છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુપમ સુંદર આકૃતિઓના સર્જક શિલ્પીઓ, અનેક નવી મૂર્તિઓ રચે છે, પણ એમનો સમય આવતાં એ સઘળીને વિલુપ્તિના મહાસાગરમાં તેઓ લઈ જાય છે.

હે ભંગાર મંદિરના દેવ! માત્ર તું એક જ, અ-પૂજાયલો અને ઉપેક્ષિત છતાં, અમર્ત્ય રહે છે!



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૬૩]

જે દિવસે મૃત્યુદેવ તારે બારણે ટકોરો મારશે, ત્યારે તું દ્વાર ખોલીને એને ચરણે શી ભેટ ધરશે, હે માનવ?

જીવનથી ભરેલું આખું જ વાસણ હું મારા અતિથિને ચરણે મૂકી દઈશ; એને કદાપિ પણ ખાલી હાથે પાછા જવા દઈશ નહિ.

યૌવનની વસંતવાડીનાં મારાં મધુર પુષ્પો, અને ગ્રીષ્મની ચાંદની ભરેલી રાત્રિનાં મારાં મીઠાં સંસ્મરણો, મારા વ્યવસાયી જીવનની બધી જ મારી કમાણી, અને વીણણી, મારા આ અતિથિને ચરણે હું ધરી દઈશ. અને પછી પ્રાર્થીશ કે મારી જીવનસંધ્યાના દ્વારે આવીને ઊભેલા હે અતિથિદેવ! મારી આ ભેટ સ્વીકારો, અને મને આંગળીએ વળગાડીને તમારી સાથે લઈ ચાલો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનના હે અંતિમ ધ્યેય! હે મૃત્યુદેવ! તું આવીને, તારો પ્રેમભર્યો મૃદુ શબ્દ હવે મારા કાન પાસે ગુંજી જા!

દિવસોના દિવસો સુધી મેં તારા ઉપર નજર રાખી છે. તને મળવા માટે જ મેં, જીવનના આનંદો અને જીવનની વેદનાઓ વહ્યાં છે!

અંતર્ગુહાના ગૂઢમાં ગૂઢ ખૂણેથી પણ, તારી તરફ જ મારું પ્રેમજીવન વહ્યું છે. મારી પાસે જે કાંઈ છે, જે કાંઈ હું છું, જે કાંઈ મારા આશાસમુદ્રમાં દેખા દે છે, અને જે કાંઈ મારા પ્રેમસાગરમાં વહે છે, હે અંતિમ દેવ! એ સઘળું જ, તારે ચરણે ધરવા માટે છે.

તારા પ્રેમભર્યા ચક્ષુની એક જ છેલ્લી નજર—અને મારું જીવન તારું બની જશે! પુષ્પની માળા મેં ગૂંથી રાખી છે. અને જીવનસંધ્યાના લગ્નમહોત્સવને વધાવવા માટે બધી તૈયારી રાખી છે. રાત્રિના એકાંત નીરવમાં, પોતાના પ્રિયતમને મળવા માટે, જીવનસંધ્યાના દ્વારે બેઠેલી નવવધૂ, ક્યારની પ્રતીક્ષા કરી રહી છે! હે જીવનના સ્વામી! એ પોતાના પ્રિયતમને મળવા માટે પોતાનું ઘર છોડી દેશે, અને રાત્રિના એકાંતમાં એકલી એને મળશે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને ખબર છે કે જીવન-નાટકનો પડદો એક દિવસ પડવાનો છે, અને આ ધરતીનું દર્શન બંધ થવાનું છે. નીરવ એકાંતમાં, જીવન, પોતાની નવી મુસાફરી શરૂ કરશે, અને આ આંખોને જોવાનાં દૃશ્યો ઉપર છેલ્લો પડદો પડી જશે!

અને છતાં નીલ નિરભ્ર આકાશમાંથી રજનીને નિહાળવા, તારાઓ જેમ આવતા હતા, તેમ આવ્યા કરશે. પ્રભાતની મનોહારી રંગલીલા, પ્રગટતી હતી તેમ પ્રગટશે. અને આનંદસાગરનાં અને વેદનાના સાગરનાં સંખ્યાતીત તરંગોથી, ધરતી જેમ રેલાતી હતી, તેમ રેલાયા કરશે!

મારા ક્ષણિક જેવા જીવનને, જ્યારે હું આ અનંતને આરે ઊભેલું નિહાળું છું, ત્યારે મારી જીવન ક્ષણિકતાને વળગેલી તમામ મર્યાદાઓ અદૃશ્ય થઈ જાય છે, અને મૃત્યુદીપના પ્રકાશમાં, તારી અનંત સૃષ્ટિમાં રહેલ અનંત વૈભવને નિહાળીને, હું મુગ્ધ બની રહું છું! એ વૈભવી સૃષ્ટિના છેલ્લામાં છેલ્લા સ્થાનનું, છેલ્લામાં છેલ્લું જીવન પણ, આંહીંના વૈભવીમાં વૈભવી

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનને હિસાબે કેટલું ઉન્નત, કેટલું અદ્‌ભુત વિરલ છે! અને મને નવો જ વિચાર આવી જાય છે. જે મૂલ્યવાન પદાર્થોને, હું તૃષ્ણાથી, નિષ્ફળતાથી, ઈચ્છી રહ્યો હતો, અને જે મૂલ્યવાન પદાર્થો મને મળી ગયા હતા— એ તમામ ભલે ચાલ્યા જાય! પણ જે ખરા મૂલ્યવાન પદાર્થોની મેં ઉપેક્ષા કરી હતી, અને જેમને મેં જીવનમાંથી જવા દીધા હતા—એ પદાર્થો હવે મને મળતા રહો, એવી અદમ્ય ઇચ્છા ઉદ્‌ભવો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિત્રો! પ્રેમીજનો! સ્વજનો! મારે હવે તમારી સૌની વિદાયની રજા માગવાની છે!

હું તમને સૌને પ્રણમીને વિદાયની રજા લઉં છું!

મારા જીવનદ્વારની આ કૂંચીઓ હું પાછી સોંપી દઉં છું. અને આ ઘર ઉપરના તમામ હક્કો જતા કરું છું!

તમારી પાસેથી છેલ્લી વિદાય વેળાએ થોડાક પ્રેમભર્યાં શબ્દો માત્ર માગું છું!

આપણે પાડોશીઓ તરીકે ઘણો લાંબો સમય ગાળ્યો. હું તમને આપી શક્યો હોઉં તેના કરતાં બદલામાં વધારે મેળવી ગયો છું!

આજે હવે નવું પ્રભાત ઉઘડે છે. મારા અંધારા ખૂણાને પ્રગટાવનાર જીવનદીપ વિદાય લે છે. આજ્ઞા આવી છે, નવી મુસાફરી માટે હું તૈયાર છું!



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૬૭]

આ વિદાય ઘડીએ મિત્રો! મને શુભેચ્છાઓ પાઠવજો. આકાશ, પ્રભાતીરંગોની સુરખીથી છવાઈ રહ્યું છે. મારો માર્ગ સુંદર સુંદર બની રહ્યો છે!

મારી સાથે ત્યાં લઈ જવા માટે મેં શું લીધું છે, એ પૂછતા નહિ. મેં ખાલી હાથે, પણ આશાભરેલા હૃદયે આ મુસાફરી શરૂ કરી છે!

હું તો જાણે લગ્નમહોત્સવની વરમાળા ધારણ કરવા ઉત્સુક છું. રસ્તે ભય છે, પણ મને અંતરમાં ક્યાંય ભય નથી. મુસાફરીને આખે પંથે શુક્રતારાનું તેજ પથરાતું હશે, અને વિશ્વના નાથના દ્વાર પાસેથી વહેતી સંગીત સૂરાવલિ પવનની પાંખે આવતી હશે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારાં ચરણ, એ જગ્યાએ, આસન ઉપર ઠરે છે, જે જગ્યાએ, ગરીબમાં ગરીબ, અને નીચામાં નીચા થરનાં, અને તજાયેલાં વસે છે ને રહે છે.

હું તને મારું નમન મોકલવાનો યત્ન કરું છું. પણ એ નમન જ્યાં તારાં ચરણ છે, ત્યાં કદાપિ પહોંચી શકતું નથી. તારાં ચરણ તો ત્યાં ગરીબમાં ગરીબ, અને નીચામાં નીચા થરના, અને ખોવાયેલાં અને તજાયેલાં લોક વચ્ચે વિરમી રહ્યાં છે.

તું જ્યાં, તારા વિનીત ગરીબ નમ્ર અંચળામાં, ગરીબમાં ગરીબની વચ્ચે ચાલી રહ્યો છે, ત્યાં અભિમાન પહોંચી શકતું નથી.

તું જ્યાં સ્વજનવિહોણાઓનો સ્વજન બનીને રહ્યો છે, ત્યાં મારું દિલ પોતાનો માર્ગ શોધી શકે તેમ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનયાત્રાનો પંથ લાંબો છે. અને એ માટેનો સમય પણ લાંબો છે.

પ્રકાશના પ્રથમકિરણ સાથે હું આ પંથે નીકળ્યો. અનેક તારાઓ અને ગ્રહોમાં પોતાના પંથનાં ચિહ્ન મૂકતી મારી આ દીર્ઘ યાત્રા, અનેક દુનિયાઓનાં અરણ્યમાં થઈને ચાલતી રહી છે.

પણ છેક તારા ચરણ પાસે પહોંચવાનો માર્ગ તો દીર્ઘ—સુદીર્ઘ છે. અકૃત્રિમ, સરલ સુંદરતા તરફ લઈ જતી, સ્વરસાધના, જેમ ઘણી–ઘણી વિકટ છે, તેમ તારા ચરણ પાસે અકૃત્રિમ શિશુભાવે આવવાનો પંથ, ઘણો ઘણો દીર્ઘ અને વિકટ છે.

પથિકે, પોતાને દ્વાર પહોંચવાને માટે, અનેક પારકે દ્વારે ઊભા રહીને, ટકોરા આપીને, તપાસ કરવી પડે છે. અને અંદરના છેવટના દ્વારે પહોંચવા માટે તો, એને બહારની અનેક દુનિયાઓમાં રખડવું પડે છે.

મારાં ચક્ષુઓ બંધ થયાં અને આખરે હું એમ બોલી ઊઠ્યો કે 'આહ! આંહીં તું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે!' . . . પણ એટલું બોલતાં પહેલાં તો, મારાં એ ચક્ષુઓ, કેટલે કેટલે દૂર, અને ક્યાંયનાં ક્યાંય, ભટકી આવ્યાં હતાં!

એ વખતે અંતરમાં ઊઠતો પ્રશ્ન અને વેદના, 'આહ! ક્યાં?'—આ યાત્રાનો અંત ક્યાં? અને એની ઝાંખી ક્યારે?—એ પ્રશ્ન અને આંતર વેદના, આંસુઓનાં હજારો ઝરણાં રૂપે બની ગયાં હતાં. અને 'હું છું!' એટલી સાચી પ્રતીતિ માટે તો, બધી દુનિયાને ડુબાડી રહ્યાં હતાં!





CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



અવાજ અને ઘોંઘાટ નહિ. મોટે બોલાયેલા શબ્દોનું વર્ચસ્વ નહિ. જીવનમાં આ વ્યવહાર અપનાવવાનો છે. મારા નાથની એ ઈચ્છા છે. એટલે હું અત્યંત ધીમી વાણીમાં જ, જીવનવ્યવહાર ચલાવી રહું છું. પણ મારી અંતરવાણી, ધીમા ગીત ગુંજનોમાં, આગળ ને આગળ જતી રહેશે.

રાજાધિરાજે જાણે બજાર ઊભી કરી હોય તેમ, એની બજાર તરફ માણસો દોડતા રહે છે. અને બધા જ ખરીદનારાઓ અને વેચનારાઓ ત્યાં ટોળે મળે છે. પણ મને તો આવા ઉદ્યોગી બજારના, મધ્ય દિવસના ભરચક્ક કાર્યક્રમમાંથી પણ, અકાલે રજા મળી ગઈ છે! એટલે ભલે મારા બગીચાનાં પુષ્પો અકાલે ખીલી નીકળો, અને મધ્યદિને ભલે મધમાખીઓ, પોતાનો ધીમો શાંત મંદ ગુંજારવ શરૂ કરો!

મેં ઠીક ઠીક સમય, સદ્ અને અસદ્‌ના જુદ્ધ-મેદાનમાં ગાળ્યો છે, પણ એ જુદ્ધ રમ્મતના સાક્ષી, મારા જીવન દોસ્તની, હવે એવી ઈચ્છા છે કે મારા અંતરને પોતાના તરફ આકર્ષવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



અને હું સમજતો નથી, પણ કોણ જાણે કેમ બોલાવવાનો અચાનક અવાજ આવ્યો છે. એ શા માટે છે, એ હું જાણતો નથી!

બજારમાં દોડાદોડ કરવાને બદલે, મેં સદ્ અસદ્‌નું જુદ્ધ માણ્યું, એટલા માટે તો આ આહ્‌વાન ન હોય? જે હોય તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૭૧]

જીવનભરના મારા રમ્મત મિત્ર! જ્યારે આપણે રમ્મત માંડી બેઠા હતા, ત્યારે મેં કોઈ દિવસ તને પ્રશ્ન પણ કર્યો ન હતો કે તું કોણ હતો?

આવો પ્રશ્ન કર્યો ન હતો, એ એટલા માટે નહિ કે મને શરમ લાગતી હતી, કે મનમાં કોઈ ભયની લાગણી આવી ગઈ હતી.

પણ એ પ્રશ્ન ન થયો એ તો એટલા માટે કે, આખું જીવન તોફાનથી, ધમાલથી, અવાજથી ભરપૂર હતું. પ્રશ્નનો વખત જ કોઈ દિવસ જાણે આવ્યો ન હતો.

જીવનના પ્રભાત કાલે, મારા પોતાના પ્રિય દોસ્તની જેમ, તું મને મારી નિદ્રામાંથી જગાડવા આવતો, અને તું પોતે જ આગળ દોડી જઈને, મને એક જંગલમાંથી બીજા જંગલમાં, ને બીજામાંથી ત્રીજામાં જવાનો માર્ગ બતાવતો.

પણ અરે! એ દિવસોમાં, એ વખતે, તું જે મધુર ગીતસ્વર મારી પાસે ગાતો, તેનો અર્થ સમજવાની મેં કોઈ દિવસ દરકાર જ ન કરી. માત્ર મારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવાજે તારા ગીતનું અનુરણન કર્યું : અને મારું હૃદય એના તાલેતાલે નૃત્ય કરતું રહ્યું, એટલું જ.

પણ એના અર્થ વિષે તો હું કાંઈ જ જાણી શક્યો ન હતો.

પણ હવે જ્યારે રમ્મતનો સમય પૂરો થવા આવ્યો છે, ત્યારે અચાનક આ કેવું દૃશ્ય હું જોઈ રહ્યો છું?

દુનિયા આખી, પોતાનાં નીચાં નેણ તારે ચરણે ઢાળતી, તારી ભવ્યતા પાસે જાણે સ્તબ્ધ ઊભી રહી ગઈ છે. અને નિઃશબ્દ તારાઓની દુનિયા પણ, તારે ચરણે ભક્તિભાવે, વિનમ્ર બનીને શાંત ઊભી છે!

તારી આ મહાન ભવ્યતાનો તો મને, જીવનભરના મારા સાથી! કોઈ દિવસ ખ્યાલ જ આવ્યો નહિ, અને હવે આ દૃશ્ય જોવા મળ્યું! જ્યારે આ રમ્મત પૂરી થવા આવી છે ત્યારે!



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૭૨]

હું તને શણગારીશ, મારા સ્વામી! હું તને શણગારીશ.

મારે તારે કંઠે ધરવાનાં છે, અલંકારો અને માળાઓ, રત્નો અને માણિક્યો!

પણ હે મારા સ્વામી! એ માળાઓ અને અલંકારો મારા પરાજયનાં ચિહ્નો હશે—વિજયનાં નહિ.

હું જાણું છું, અજિત રહી જવું, એ મારી શક્તિ બહારની વાત છે.

પણ સાથે સાથે હું જાણું છું, આ પરાજય, મારી અભિમાન વૃત્તિને નષ્ટ કરી નાખશે. અને વેદના દ્વારા, જીવનનાં બંધન તૂટી જશે.

પછી એ ખાલીખમ બનેલી હૃદયની પોલી બંસીમાં જીવનવેદનાનાં ગીત જાગશે, અને એ ગીત પથ્થરને પણ પીગળાવી દેશે!

મને આ વાતની ખાતરી છે કે, શતદળ પદ્મની સો એ સો પાંખડીઓ, કાંઈ હમેશને માટે બંધ રહેશે નહિ. અને એક દિવસ તો જરૂર, તેમાં છુપાયલા મધુનો ગુપ્તભંડાર ખુલ્લો થશે જ થશે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આસમાની ગગનમાંથી કોઈ એક આંખ મને નિહાળશે. અને શાંત નિઃશબ્દ સંકેત આપીને, જાણે મને બોલાવશે.

એ વખતે, કાંઈ કહેતાં કાંઈ, મારે માટે નહિ રહે. કાંઈ જ નહિ રહે. કાંઈ કહેતાં કાંઈ. દુનિયાની તમામ વસ્તુ, મારે માટે અ વસ્તુ બની જશે. અને એ રીતે હું તારે ચરણે સંપૂર્ણ મૃત્યુ પામીશ. સંપૂર્ણ મૃત્યુ, જેમાં આંહીંનું કાંઈ જ, મારે માટે કાંઈજ નહિ હોય!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૭૩]

જ્યારે હું સુકાન છોડી દઉં છું—મારી હાર કબૂલી લઈ ને—ત્યારે હું જાણું છું કે, તું તારે હાથે એ સુકાનને લઈ લે છે. એવી પળ, ત્યારે આવી પહોંચે છે.

તે વખતે, જે કરવા યોગ્ય હશે, તે થશે જ. એ વાત નિ:સંદેહ છે. પછી આ ગડમથલ નિરર્થક છે.

તો હે મારા હૃદય ! તું તારા હાથ, સુકાન ઉપરથી ઉઠાવી લે. તારો પરાજય, મૂંગા મૂંગા શાંતિથી સહી લે.

જે સ્થાને તું મુકાયેલું છે, ત્યાં શાંતિથી બેઠું રહેવું, એ પણ મહા ભાગ્ય છે, એમ તું સમજી લે.

પવનને એક એક નાને ઝપાટે, મારા દીપકો બૂઝાઈ જાય છે, અને એમને પ્રગટાવવાના યત્નમાં જ, હું બીજું બધું વારંવાર ભૂલી જાઉં છું.

પણ હવે, આ વખતે, હું ડહાપણ વાપરીશ. અને મારી સાદડીને જમીન ઉપર પાથરીને, ત્યાં અંધારામાં જ તેની રાહ જોઈશ. તો હે મારા સ્વામી! જ્યારે જ્યારે તારી ઈચ્છા થાય ત્યારે ત્યારે, તું છાને પગલે આવી, આંહીં તારી જગ્યા લેજે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં લોકમાં ગર્વ કર્યો હતો કે તને હું જાણું છું.

અને લોકો મારી કૃતિઓમાં તારો હાથ જોતા હતા.

અને મને આવીને પૂછતા હતા: 'એ કોણ છે?' એમને કેમ જવાબ આપવો તેની મને તો ગતાગમ ન હતી. હું કહેતો: 'ખરેખર, હું કહી શકું તેમ નથી.' એ મને નિંદતા અને તિરસ્કાર કરીને પાછા ફરી જતા. અને એ બધો વખત તું તો તારું સ્મિત ફેલાવતો ત્યાં હાજરાહજૂર બેઠો હતો!

તારી વાતોને હું મારા અમર્ત્ય ગીતોમાં ગાઉં છું. મારા હૃદયમાંથી આ ગુપ્ત વાત દોડતી બહાર ધસી આવે છે. એ બધા આવે છે ને મને કહે છે: 'કવિ! આ બધાના અર્થો તું અમને કહે!'

પણ હું તો તેમને શું જવાબ આપવો એ જાણતો નથી, અને કહું છું કે 'આ હ! એમનો શું અર્થ છે એ કોણ જાણે છે?'

તે બધા મર્મમાં મરકે છે, ને તિરસ્કાર કરીને ચાલ્યા જાય છે.

અને એ બધો વખત તું ત્યાં બેઠો તારું સ્મિત કરતો રહે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૭૫]



મેં મારા જીવનમાં હે મારા સ્વામી ! મારા ગીતો વડે તને જ શોધ્યો છે.

આ ગીતો જ મને એક દ્વારથી બીજે દ્વાર લઈ ગયાં છે. મેં એમના વડે જ, મારી આસપાસની દુનિયાને સ્પર્શ કર્યો છે. અને આસપાસની દુનિયા અનુભવી છે.

જે કાંઈ જીવનના મહાન પાઠો મને મળ્યા છે, તે બધા જ મને મારા ગીતો મારફત મળ્યા છે. એમણે મને ગુપ્તપંથો બતાવ્યા છે. એમણે જ મને મારા હૃદય-ક્ષિતિજના કિનારે બેઠેલા અનેક શુક્તારકો દેખાડ્યા છે.

જીવનપંથને આખે રસ્તે, એ મને દોરતાં રહ્યાં છે. આનંદની અને શોકની દુનિયામાં રહેલી રહસ્ય કથાઓ તરફ, એ જ મને દોરી ગયાં છે.

અને એમ ને એમ, છેવટે મારા જીવનપંથની સંધ્યા ટાણે, મને એ કયા મહાલયને દ્વારે લઈ જવા આવ્યાં છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૭૬]

હું પ્રેમસાગરના એક મોજાંની રાહ જોઉં છું. એ આવતાં જ હું મારી જાતને એના હાથમાં સમર્પી દઉં! મોડું થયું છે, પણ તેનું આ કારણ છે. એની રાહ જોવામાં જ, આ કરવા જેવી વસ્તુ રહી ગઈ છે.

એ લોકો પોતાનાં શાસ્ત્રસત્યો લઈને, અને નીતિ-સૂત્રોની રજ્જુઓને લઈને, મને બંધનથી બાંધી દેવા આવે છે, પણ હું તેમની પાસેથી સરકી જાઉં છું, કારણ કે હું તો પેલા પ્રેમસાગરના એ મોજાંની રાહ જોઉં છું, જેના ઉપર બેસીને હું મારી જાતને એના હાથમાં સીધેસીધી સમર્પી દઉં!

લોકો મને નિંદે છે, મને બેદરકાર ગણે છે. એમનો એ ઠપકો ખરેખર સાચો છે, એ વિષે તો મને પોતાને પણ કાંઈ શંકા નથી.

આખા દિવસનું ધમાલિયું બજાર પૂરું થવા આવ્યું છે. બધા ઉદ્યોગી માણસોએ તો પોતપોતાનાં કામ આટોપી લીધાં છે. જેઓ મને બોલાવવા આવ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા, અને એમાં નિષ્ફળ નીવડચા હતા, તે લોકો પણ ગુસ્સામાં પાછા ચાલી ગયા છે.

અને હું તો હજી પણ—આ ઉદ્યોગ બજાર ઊઠી ગયું ને ઉદ્યોગીઓ કામ આટોપીને પાછા વળી ગયા તો પણ—રાહ જોતો બેસી રહ્યો છું!

પ્રેમસાગરનું એક અનોખું મોજું આવે, અને મને ઉઠાવીને તેના હાથમાં સમર્પી દે! હું તો હજી એ પ્રેમદુનિયાની રાહ જોતો આંહીં બેઠા છું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાત સાત આસ્માનને ઢાંકી દે તેવા વાદળાં ઉપર વાદળાંના થર ખડકાયા છે અને ઘોર અંધારું જામ્યું છે.

ઓ મારા પ્રીતમ! દ્વારની બહાર, મને તદ્દન એકલો મૂકીને, તું મને શા માટે રાહ જોવરાવે છે?

મધ્યાહ્ન સમયે તો, ઉદ્યોગપરાયણ પળોમાં, હું લોકટોળામાં હોઉં છું, પણ આજના, અંધારઘેરા નિર્જન એકાંત દિવસે તો, માત્ર તારી અને તારી જ હે પ્રીતમ! હું આશા રાખી રહું છું.

જો તું તારી મુખમુદ્રા મને નહિ બતાવે, અને મને તદ્દન એકલો તજી દેશે, તો આ લાંબા લાંબા વરસાદના દિવસો શી રીતે જશે એની મને કાંઈજ ખબર પડતી નથી.

દૂર દૂરના અંધારઘેરા આકાશને હું જોયા કરું છું. અને અસ્થિર પવનની ગતિ સાથે, પોતાનું હૃદય-વિદારી વિલાપ ગાન કરતું મારું દિલ પણ, આંહીંતહીં ભટકે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો તું નહિ બોલે, તો હું મારા હૃદયને તારા મૌનથી ભરી દઈશ. અને સહન થાય તે સહન કરીશ. તારાંકિત રાત્રિ પોતાનું મસ્તક નમાવીને જેમ શાંત રાહ જોતી બેઠી હોય, તેમ હું શાંત બેસીને તારી રાહ જોઈશ.

પ્રભાત, ચોક્કસ આવશે. અંધારું, અદૃશ્ય થશે. અને આકાશને ભેદીને તારો અવાજ, અવશ્ય સોનેરી કિરણોમાં આવશે જ આવશે.

ત્યારે મારાં પંખીઓના, દરેકે દરેક માળામાંથી, ઊઠતાં ગીતોમાં તારા શબ્દો પાંખ બનીને ઉડ્ડયન આપશે. અને તારા જ સંગીતસ્વરો, મારા વનકુંજનાં પુષ્પો બનીને ખીલી નીકળશે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારે મારી નૌકાને હવે ઝુકાવવી જોઈએ. કિનારા ઉપર બેઠાં બેઠાં, આળસુ સમય ઘણો વીતી જાય છે. રે! મારી આળસુ અવસ્થા!

વસંત ઋતુએ કુસુમોનો શૃંગાર ધરી દીધો અને વિદાય પણ લઈ લીધી. અને હું એ જ કરમાયેલાં કુસુમોને હાથમાં રાખીને હજી આળસમાં બેસી રહ્યો છું.

સમુદ્રનાં મોજાંઓએ કોલાહલ માંડ્યો છે. અને છાયાભરી પગદંડીને કિનારે, પીળાં પર્ણ ફરફર કરતાં ખરે છે!

તમે કઈ શૂન્યતા ભણી દૃષ્ટિ માંડી રહ્યા છો? શું સામેને બીજે કિનારેથી, પૃથ્વી તરફ તરતા આવતા, દૂર દૂરના મધુર સ્વરની સાથે, તમે હવામાં પસાર થઈ રહેલી, એક ઉલ્લાસહેલી અનુભવતા નથી?

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

[૮૦]



આષાઢી મેઘછાયા ઘેરા અંધકારી વર્ષાના દિવસોમાં તું એવાં છાનાં ધીમાં પગલે ચાલે છે, જાણે રાત્રિ, શાંત રીતે ચાલી રહી હોય. કોઈ ચોકીદાર તને જોઈ શકતો નથી. કોઈ તારી હાજરી જાણી શકતો નથી.

આજે જાણે પૂર્વ દિશામાં પ્રભાતે પોતાનાં નયન બંધ કરી દીધાં છે, અને પૂર્વના અવાજ કરતા પવનને પણ જાણે સાંભળવાની દરકાર કરી નથી. હમેશના જાગૃત રહેતા આસ્માની આભ ઉપર એક ગાઢ અંધકાર પડદો પડી ગયો છે!

જંગલે એનાં ગીતો બંધ કર્યાં છે. ઘર-ઘરનાં દ્વાર પણ બંધ થઈ ગયાં છે. આવા શૂન્ય, માણસતજ્યા રસ્તામાં માત્ર તું એકલો એક મુસાફર ચાલી રહ્યો છે!

આહા! મારા એક જ જીવનમિત્ર! આહા મારા પ્રીતમ! મારા ઘરનાં દ્વાર ખુલ્લાં છે— આવીને ઊડી જતા કોઈ રમણીય સ્વપ્નની જેમ, જો જે, મારા એ દ્વાર પાસેથી, તું એમ ને એમ છાનોમાનો પસાર થઈ જતો નહિ!

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૯૧]

મારા દોસ્ત ! આવી તુફાન ભરી રાત્રે તું કોઈ પ્રેમપંથની મુસાફરી કરવા નીકળ્યો છે કે શું ?

નિરાશામાં ઘેરાયલો, ટુંટિયું વાળીને પડેલો આદમી, જેમ દુઃખમાં કણકણે, તેમ આકાશ દુઃખમાં કણકણી રહ્યું છે !

આજ રાત્રે મને નિદ્રા નથી. ઘડીએ ઘડીએ હું મારું દ્વાર ઉઘાડીને અંધારામાં કોઈ આવે છે કે નહિ તે જોવા માટે નજર નાખું છું.

મારી નજરે કાંઈ દેખાતું નથી. મને નવાઈ લાગે છે કે તારો રસ્તો કઈ તરફ છે ?

રે મારા દોસ્ત ! તું તે આ રાત્રિમાં, કજ્જલ કાળી શ્યામ નદીના ઝાંખા, ન દેખાતા, કિનારા તરફથી મારી તરફ આવી રહ્યો છે, કે રોષભર્યા ભયંકર જંગલની કોઈ કેડીએથી આવી રહ્યો છે, કે વાંકાચૂંકા અંધારભર્યા કોઈ રસ્તેથી તારો માર્ગ લઈ રહ્યો છે ? કયે રસ્તેથી તું આવી રહ્યો છે મારા મિત્ર ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારા આવવાના કોઈ રસ્તાની મને જાણ નથી. કોઈક વખત તું વીજળીના, ડુંગર ફાટે તેવા કડકડાટ દ્વારા, મારી ઝૂંપડીને અજવાળી દે છે, તો કોઈ વખત, છાનું સ્મિત કરતા શિશુ જેવાં, પ્રભાત કિરણો દ્વારા, મારે ત્યાં ગુપચુપ પ્રકાશ રેલાવી રહે છે.

હું તો મારા જીવનદોસ્ત! તારો રસ્તો જાણું છું, જાણું છું, ને નથી જાણતો!



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાકેભરેલી રાત્રિ વખતે, તારા ઉપર વિશ્વાસ મૂકીને, મનઉચાટ કર્યા વિના, હું મારી જાતને નિદ્રાને જ ખોળે સોંપી દઉં!

મારા નાનકડા દિલને, નવી નવી ભાંજગડમાં મનઉચાટથી થકવી નાખું. એવો થાકેલો પ્રાણ, વિશ્વાસની ભૂમિ ઉપર કેટલીકવાર ટકી શકે? અને પછીથી, તારી પૂજાની નિર્માલ્ય તૈયારીમાં રોકવા માટે, હું મારા હિમ્મત હારી બેઠેલા પ્રાણની ઉપર જોરજૂલમ ન કરું!

દિવસ જ્યારે થાકે છે, ત્યારે તેના થાકેલાં પોપચાં ઉપર નિદ્રાનો પડદો નાખનારો તું છે. એ નિદ્રાનો પડદો દિવસને, જાગૃતિની આનંદભરી હવામાં, નવી જ દૃષ્ટિ આપવાનો છે!

મારી નિદ્રા પણ, તારા ઉપરની નિઃસીમ વિશ્વાસની હવામાંથી મને એવી જ જાગ્રતિ પ્રાપ્ત કરાવનાર બની રહો!

થાકેભરેલી રાત્રિ વખતે, તારા ઉપર વિશ્વાસ મૂકીને, હું નિરર્થક મનઉચાટમાં મારા પ્રાણને થાક ન આપતાં, એને નિદ્રાને ખોળે જ મૂકી દઉં!

રે મારા સ્વામી! તું દિવસના પોપચાંને જેમ નિદ્રા આપે છે, તેમ જ માણસની થાકેલી આંખને માટે પણ તું જ નિદ્રા મોકલે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાગ્રતિ માટે, નવી તાજગીભરી હવા માટે, અભિનવ દૃષ્ટિ માટે, નવા પ્રાણ માટે, માણસને આપવાનું આ તારું પરમ ઔષધ છે, રે વિશ્વસ્વામી ! એ નિઃસીમ વિશ્વાસમાં હું મારા પ્રાણને નિદ્રાને ખોળે સોંપી દઉં. અને મન-ઉચાટમાંથી મુક્ત રહું !



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશ રે! પ્રકાશ ક્યાં છે?

અદૃશ્ય કામનાના અગ્નિથી એને પ્રગટાવો! દીપક આંહીં છે, પણ એની જ્યોતિની એક શિખા દેખાતી નથી!

મારા હૃદય! શું તારી પણ આ દીપક જેવી અવસ્થા છે?

તો તો દુઃખભરી આપત્તિ તારે જ દ્વારે આવીને ઊભી રહી છે એમ સમજ. અને એનો સંદેશો પણ એ લાવી છે. "તારો સ્વામી તો જાગ્રત બેઠો છે અને તે તને રાત્રિના અંધકારમાં થઈને, પ્રેમ મિલન માટે આવવાનું કહેવરાવે છે."

એનો આ સંદેશો છે.

આકાશ વાદળાંથી ઘેરાયેલું છે, અને અખંડ વરસાદધારા પડી રહી છે. મારા હૃદયમાં આ શું સંચરે છે તે હું જાણતો નથી. એનો અર્થ પણ સમજાતો નથી.

વીજળીનો એક ક્ષણનો ઝગઝગાટ, મારી નજરને આંજી દે છે, અને વધારે ગાઢ અંધકાર લાવે છે. અને રાત્રિમાંથી ચાલ્યું આવતું સંગીત જ્યાં મને બોલાવે છે, તે માર્ગ તરફ જવા માટે, મારું હૃદય ફાંફાં મારતું રહે છે!

પ્રકાશ! રે પ્રકાશ ક્યાં છે? ઝગઝગાટે આવેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંધકાર એના વિના કોણ દૂર કરશે ? અદમ્ય કામનાના અગ્નિ વડે એ પ્રકાશને પ્રગટાવો !

મેઘ ગાજે છે. અને આકાશમાં જાણે ચીસો પાડતો પવન ઘૂમાઘૂમ કરે છે.

કાળા પથ્થર કરતાં પણ વધારે કાળી કજ્જલશ્યામ રાત્રિ છે. અંધારામાં ને અંધારામાં સમયને ચાલ્યો જવા ન દો.

પ્રેમદીપને હે માનવ ! તારા જીવનદીપ વડે પ્રગટાવ.

જ્યોતિનાં દર્શન તો થશે, અંધારામાં માર્ગ તો મળશે.



CC-0, In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૮૪]

મારો દેશ હે પરમ પિતા!
સ્વાતંત્ર્યના એ સ્વર્ગમાં જાગ્રત બની રહો, કે જે સ્વર્ગમાં,

મન નિર્ભય છે. મસ્તક ગૌરવથી ઉન્નત રહે છે.

જ્યાં જ્ઞાન મુક્ત છે. બધાને માટે છે.

જ્યાં નાની નાની દીવાલોના, નાનાં નાનાં ઘરોથી દુનિયા નાની બની નથી.

જ્યાં સત્યની ગંભીરપ્રતીતિ આપવા માટે જ શબ્દો બોલાય છે.

જ્યાં સંપૂર્ણતા પ્રાપ્ત કરવા માટે, અથાક પ્રયત્ન કરતાં, શ્રમ માટે લંબાતા હાથને થાક જણાતો નથી.

જ્યાં સ્વચ્છ વિચારધારા, નિસ્તેજ, નિષ્પ્રાણ યાંત્રિક ટેવની રણરેતીમાં ખોવાઈ ગઈ નથી; જ્યાં નિત્ય વિકાસ પામતી વિચારસરણી તરફ, અને કર્મ યુગ તરફ, તું મનને, આગળ ને આગળ દોરે છે—એવા સ્વાતંત્ર્ય સ્વર્ગ માટે, મારો દેશ જાગ્રત હો, પિતા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૮૫]

અરણ્યસમા મારા સુક્કા હૃદયને વૃષ્ટિનું એક પણ ઝાપટું, હે મારા પ્રભુ! દિવસોના દિવસો સુધી જોવા મળ્યું નથી. ક્ષિતિજમાં દૃષ્ટિ પહોંચે ત્યાંસુધી બધું કોરું ધાક દેખાય છે. આછી સરખી વાદળીની એક રેખા પણ ક્યાં ય દૃષ્ટિગોચર થતી નથી. ક્યાંક દૂર દૂરમાં થયેલા, એકાદ ઠંડા ઝાપટાની પણ ક્યાંય નિશાની જોવા મળતી નથી.

તારી ઈચ્છા હોય તો, મૃત્યુ જેવું કાળું, ભલે એક રોષભર્યું તોફાન આવે, અને વીજળીના ચાબૂક ચમકારાથી, ભલે આકાશને, આ છેડેથી પેલા છેડા સુધી, સંક્ષુબ્ધ બનાવી દે.

પણ મારા પ્રભુ! આ વ્યાપક જડ જેવી મૂંગી આગને તો કોઈ રીતે તું પાછી બોલાવી લે. પાછી બોલાવી લે. આ શાંત, ક્રૂર, ઠંડી તીવ્ર આગ, એ તો હૃદયને, ભયંકર નિરાશાથી બાળી નાખે છે.

પિતાના ક્રોધભર્યા ગુસ્સાને દિવસે, જેમ માતાના નયનમાંથી, દયા પ્રેમનાં અશ્રુ વહે છે, તેમ તારા પ્રેમ-વાદળને ઉપરથી નીચે આવવા દે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોણ જાણે કેટલા દૂર દૂરના કાલમહોદધિને કિનારેથી, તું મને મળવાને માટે, હમેશાં વધારે પાસે ને પાસે આવી રહ્યો છે, એ વિષેની મને કાંઈ જ ખબર નથી.

સૂરજ અને તારાઓ, તને હમેશને માટે મારી દૃષ્ટિથી છૂપાવી રાખી શકે નહિ.

કેટલાયે પ્રભાતના સમયે, અને કેટલીય સંધ્યાના વખતે, તારો પદરવ સંભળાયો છે, અને તારો સંદેશ-વાહક, મારા હૃદયની અંદર આવી પહોંચેલ છે. અને મને છાની ગોષ્ઠિ માટે પણ બોલાવેલ છે.

હું જાણતો નથી કે શા માટે મારું જીવન આજે હાલી ઊઠ્યું છે, અને શા માટે, મારા હૃદય સોંસરવી એક આનંદહેલી પસાર થઈ રહી છે.

મારું કામ આટોપી લેવાની જાણે પળ આવી પહોંચી હોય, તેમ હવામાંથી તારા મધુર સાન્નિધ્યનો પરિમલ આવી રહ્યો જણાય છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૮૭]

એો મારા હૃદયના પ્રીતમ ! હું જાણું છું કે આ બીજું કાંઈ નથી, એ તો તારા પ્રેમની નિશાની છે—આ પર્ણો ઉપર નાચી રહેલ સોનેરી તેજ, આ આળસુ, સ્વચ્છંદી આકાશમાં વિહરતી વાદળીઓ, અંગે અંગને મોહક શીત સ્પર્શથી તાજગી બક્ષતી આ અનિલલહરીઓ—એ બીજું કાંઈ નથી, મારા પ્રીતમ ! તારા નિરવધિ પ્રેમની એ પાદ રેખાઓ છે.

પ્રભાતના પ્રકાશે મારા નયનને જાણે અંજન આંજ્યું છે—પણ એ તો જાણે મારા હૃદયપ્રતિ તારો મોકલેલો એક દિવ્ય સંદેશો છે. પ્રકાશ—એ બીજું શું છે—? ઊંચે આસમાનમાંથી નીચે પૃથ્વીઢળતો તારો ચહેરો ! મારી આંખ ઉપર નજર કરતી તારી આંખો—એમ આ હું જાણું છું, અને મારું હૃદય જાણે તારા ચરણને સ્પર્શે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ અનંત તાલનર્તનના આનંદથી આનંદિત થવું એ શું તારી શક્તિ બહારની વાત છે? આ ભયભર્યા આનંદ સાગરના ઘુમ્મરી મોજામાં ઉછળવું, લુપ્ત થવું, ભાંગી જવું, એ શું તારી શક્તિ બહારની વાત છે?

બધી જ વસ્તુઓ પ્રગતિ કરે છે. આગળ જાય છે. તે સ્થિર થોભી રહેતી નથી. પાછળ જોવા રોકાતી નથી. કોઈ જ શક્તિ એમને પાછળ રાખી શકે નહિ. તે આગળ ને આગળ ને આગળ વધે છે.

ત્વરિત ગીતલહરીઓની ગતિની સાથે ગતિ મિલાવતી ઋતુઓ આવે છે, જાણે એમની સાથે નૃત્ય કરતી, અને વહી જાય છે, એ પણ જાણે નૃત્ય કરતી; આવી કાંઈ જ—સ્થિર, જડ નથી. રંગો, ગીતો, સુગંધીઓ બધાં જ, અનંત ધોધમાં જાણે ઉલ્લાસભર્યા આનંદ રેલાવતાં આવે છે, અને આનંદરેલીમાં જ નૃત્ય કરતાં કરતાં ચાલ્યાં જાય છે.

તે ક્ષણે ક્ષણે નર્તન કરે છે. ક્ષણે ક્ષણે મૃત્યુ પામે છે— ને ક્ષણે ક્ષણે નવજીવન વહાવતાં, આનંદમાં આગળ વધે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૮૯]

મારી જાતને ઘણી જ ઘણી જ મહત્તા હું આપી બેસું, એ મહત્તાને ચારે તરફ પ્રસરાવું, એ મહત્તાના રંગોથી જ તારી તેજ દુનિયાને પણ હું રંગી દઉં—આનું નામ માયા. તારી માયા એવી છે.

જાણે તું કાંઈ નથી, ને હું બધું છું. તું તારી જાતને એક અવરોધમાં પૂરી દે છે. અને પછી તારાં જ, પરિવર્તન પામતાં પ્રકાશકિરણો જેવાં, એ અનંત રૂપોને તું અનેક નામો આપી બેસે છે. તારા રૂપે, નામ ધર્યું, અને માયા ઊભી થઈ!

તું તારી જાતે તારાથી જુદો પડ્યો, અને મારે ત્યાં આવીને શરીર ધર્યું.

એ જુદાઈનું એક વિરહ ગીત થયું.

તારું એ વેધક વિરહ ગીત, આકાશમાં પડઘા પાડતું ફરે છે. અનેકરંગી આંસુઓમાં, સ્મિતોમાં, ભયોમાં, અને આશામાં, આકાશમાં બધે એના પડઘા પડે છે. આનંદ તરંગો ઊભા થાય છે ને શમે છે; સ્વપ્નાંઓ, મહેલો બાંધે છે ને મહેલો પાડે છે; આ બધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારી જ માયા છે. મારામાં રહેલો તુ, તારો પરાજયદુર્ગ રચે છે.

આ માયાપડદો તેં જ ઊભો કર્યો છે. તે પડદા ઉપર તુંજ તારી રાત્રિદિવસની પીંછી વડે, અનેક ચિત્રો ચિતરે છે. અને એ બધાની પાછળ તારી બેઠક છે. પણ તારી એ બેઠકની ગૂંથણીમાં એક પણ સીધી રેખા જોવા નહિ મળે—સેંકડો ને હજારો ને લાખો, અદ્ભુત નવાઈભરી વક્ર રેખાઓમાં તારી બેઠક વણાયલી છે! —જાણે કે એમાં એક પણ સીધી રેખાને સ્થાન જ ન હોય!

તારી અને મારી પણ આ તમાસા જેવી માયા-સૃષ્ટિએ આકાશ આખાને ભરી દીધું છે. તારા અને મારા સ્વરોનાં ગુંજન હવામાં રેલાઈ રહ્યાં છે. અને યુગોનાં યુગો ચાલતાં રહે છે—જેમાં તું મને શોધે છે, અને હું તને શોધું છું. આપણી આ સંતાકૂકડીની રમ્મત રમતાં રમતાં, કોણ જાણે કેટલા યુગો ચાલ્યા ગયા—અને કોણ જાણે કેટલા યુગો હજી ચાલ્યા જશે!

पुस्तकालय
गुरुकुल काँगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૯૦]

મારે માટે મુક્તિ—મુક્તિ ત્યાગમાં છે જ નહિ.

હું તો મારી જાતને, પ્રેમ આનંદનાં હજારો બંધનોનાં આલિંગનમાં જ, મુક્ત દેખું છું. મુક્તિ—મુક્તિ મારે માટે ત્યાગમાં છે જ નહિ.

તારી રંગરંગ ભરેલી પ્યાલીઓમાં તું મારે માટે નિતનિત, નવીન રંગરંગનો, સુગંધી આસવ ભરી ભરીને મોકલે છે, અને મારો આ ધરતીનો દેહ તો છેક ટોચ સુધી ઉલ્લાસ ઉલ્લાસ માણતો, ભરાઈ જાય છે.

મારી નાની સરખી દુનિયાના શત શત, જુદા જુદા દીપકોને, હું તારા જ્યોતિ વડે પ્રકાશિત કરી દઈશ, અને પછી તેમને તારા મંદિરના દ્વારે વેદી આગળ જ મૂકી જઈશ.

ના ના ના, મારે મારા ઇંદ્રિયોનાં દ્વાર બંધ કરીને જડસુ વેરાગી બનવું નથી. દૃષ્ટિનો આનંદ, શ્રુતિનો આનંદ, અને રે! સ્પર્શનો આનંદ—એ બધાં જ તારો આનંદ વ્યક્ત કરતાં, મને ઉલ્લાસમાં ઉલ્લાસિત કરી દેશે. મારે જડસુ વેરાગી બનવું જ નથી. હું તો તારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદનો સ્પર્શ, મારું અંગઅંગ અનુભવે, એને જ મારી મુક્તિનું દ્વાર સમજું છું.

હા, મારા બધા જ મિથ્યા માયાભ્રમો, બળીને ખાખ થઈ જશે, અને એમાંથી આનંદનો જ્યોતિ પ્રગટશે.

અને મારી બધી કામનાઓ મારાં બંધન નહિ, મારા પ્રેમ આનંદનાં મોતીઓ બની જશે. કામનાઓ જાણે પ્રેમફળોમાં પરિણમશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૯૧]

હરેકે હરેક દિવસે, હે મારા જીવનસ્વામી! હું તને તારી નજરોનજર નિહાળતો તારી સમક્ષ ઊભો રહીશ? દુનિયાઓના હે સ્વામી! હું શું દરરોજ તારી સમક્ષ વિનમ્ર અદબવાળીને ઊભો રહીશ?

મહાન આકાશની નીચે, શાંતિમાં જ એકાંતમાં, વિનમ્રહૃદયે હું તારી સામે ઊભો રહીશ?

શ્રમ, યત્ન, મહેનત, અને મજૂરીથી ભરપૂર એવી તારી આ ગડમથલભરી દુનિયામાં, ઉતાવળા ઉતાવળા ચાલ્યા જતા ટોળાઓની વચ્ચે પણ હું તારી સમક્ષ હમેશ હમેશ ઊભો રહી શકીશ?

સવાલનો સવાલ તો આ છે. મારાથી એ બનશે?

જ્યારે આ દુનિયામાં મારું કામ પૂરું થશે, ત્યારે ઓ રાજાના રાજા! એકલો મૂંગો, હું તારા સાન્નિધ્યમાં આવીને ઊભો રહીશ?

જીવનના પ્રભાતે એ બન્યું હશે, મધ્યાન્હે એ બન્યું હશે, જીવનસંધ્યાએ જો એ નિહાળ્યું હશે તો જીવન પછી પણ એ જ નહિ હશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ઓ મારા નિત્યપ્રકાશિત સૂરજરાજ! હું તો, પાનખર ઋતુની નિરર્થક, સ્વચ્છન્દ વિહાર કરતી, એક વાદળી જેવો છું!

તારા સ્પર્શે હજી એમાંથી મારી અહં વરાળને ઉડાડી દીધી નથી. તારા સ્પર્શે, તારા પ્રકાશમાં મને હજી સમાવી લીધેલ નથી. અને તેથી તારાથી થયેલી જુદાઈના દિવસો અને મહિનાઓ અને વર્ષો હું ગણી રહ્યો છું.

આ જો તારી ઈચ્છા હોય અને આ જો તારી રમ્મત હોય, તો આ મારા અસ્થિર શૂન્ય જીવનને તું તારા હાથમાં લે, અને રંગભરી સોનેરી ભભકથી રંગીને એને સ્વચ્છન્દી પવનની પાંખે રખડવા મોકલી દે, અને એને જુદા જુદા અનેક આશ્ચર્યોનાં આશ્ચર્યોમાં મુસાફરી કરવા મોકલી દે!

અને વળી જ્યારે ફરીને તારી ઈચ્છા થાય, કે તને આ અંધાર રમ્મતનો અંત લાવવાનું મન થાય, ત્યારે હું વેરવિખેર થઈ ને, રાત્રિના અંધકારમાં અંધકાર જેમ લુપ્ત થઈ જઈશ કે પ્રભાતના શુભ્ર સ્મિતમાં ભળી જઈશ, કે સ્વચ્છ પારદર્શક શીતળતામાં વિલીન થઈ ને અદૃશ્ય જઈશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વિયોગની વેદના જ સમસ્ત દુનિયામાં ફેલાઈ જાય છે, અને અનંત આકાશમાં અનેક રૂપમૂર્તિઓને જન્મ આપે છે.

આ જુદાઈની ગમગીની જ, રાતભર બેઠી બેઠી, એકલી એકલી, મૂંગી મૂંગી, અંધારામાં નિહાળે છે અને એક તારાથી બીજા તારા તરફ નજર કરે છે. અને છેવટે વર્ષાઋતુની અંધારી રાતનાં ખડખડતાં પાંદડાંઓમાં કવિતાની પંક્તિઓ બનીને ગીત વહે છે!

આ જુદાઈની, 'જુદાઈ જિંદગી ભરની, કરી રો રો બધી કાઢી' એની જ, આ બધી સૃષ્ટિ છે.

પ્રેમની સૃષ્ટિમાં, અને કામનાઓના સમુદ્રમાં, અને આનંદમહોદધિમાં અને શોકસાગરમાં, માણસના ઘરઘરમાં વસતાં આ બધાં રૂપોમાં, બીજું કોઈ નહિ, આ વિયોગની વેદના જ દેખા દે છે!

અને આ વેદના જ, મારા કવિના અંતરમાં બેસીને પીગળી જઈ, ગીતપંક્તિ રૂપે વહેવા માડે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી વાસનાનો કોઈ છેડો નથી. એમને મેળવવા માટેની મારી ભિખાર જેવી કાકલૂદીભરી આજીજીઓનો પોકાર પણ દયાજનક છે. પરંતુ તેં મને હમેશાં ઉગારી લીધો છે — શી રીતે ? — એમાંની એક પણ ભિખારવાસનાની તૃપ્તિ માટે, તક ન આપીને ! એમાંની કોઈની હલકટ તૃપ્તિ માટે, કાંઈ પણ આપવાની કઠોરતાથી, ચોખ્ખી ના પાડીને !

અને તારી આ પ્રબળ દયા, મારા જીવનના અણુએ અણુમાં ઓતપ્રોત વણાઈ ગયેલી છે.

તારી સાદી, પણ મહાન ભેટોનો અધિકારી બનાવવા માટે, તું મને રોજ ને રોજ જાણે, આ રીતે તૈયાર કરી રહ્યો છે.

આ મહાન ભેટો, તો તું મને વગર માગ્યે આપે છે — આ આકાશ, આ પ્રકાશ, આ દેહ, આ જીવન, આ મન, — આ બધી મહાન વસ્તુઓ, વગર માગ્યે તેં આપી છે. અતિ દુર્દમ્ય વાસનાની ભયંકરતામાંથી મને ઉગારી લેવા માટે, આ કેટલી સાદી, સુંદર, મહાન વસ્તુઓ તેં તૈયાર રાખી છે !

એવો સમય આવે છે કે જ્યારે, કેટલીક વાર હું નિષ્પ્રાણ આળસુ જેમ પડ્યો રહું છું, તો કેટલીક વાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાગી જાઉં છું, ને મારા ધ્યેયની શોધ માટે ઉતાવળો બની જાઉં છું.

પણ તું તે વખતે, નિષ્ઠુરતાથી તારી જાતને મારી આગળથી છુપાવી દે છે!

તારી એ નિષ્ઠુરતા, એ જ મારા પ્રત્યેના તારા મહાન પ્રેમની નિશાની છે! અધિકાર વિના હું કાંઈક મેળવી લઈને, વધુ નિર્બળ બનું, ને વાસનાનો વધુ મોટો ગુલામ થઈ ન બેસું, એ માટે આ કેટલો જાગ્રત પ્રેમ!

દિન પ્રતિદિન તું મને તૈયાર કરી રહ્યો છે, અધિકારી બનાવી રહ્યો છે, તારા સંપૂર્ણ સ્વીકાર માટે જે યોગ્યતા જોઈએ, તે યોગ્યતા મારામાં લાવી રહ્યો છે: અને એ માટે તારી સમર્થ દયાદૃષ્ટિ આવી રીતે વાત વણે છે—વારંવાર ના પાડીને—નિર્બળ, નિર્માલ્ય, અનિશ્ચિત, ચંચળ એવી વાસનાઓની તૃપ્તિ માટે કાંઈ પણ આપવાની નિષ્ઠુરતાથી ના પાડીને!

તારી પાસે વેવલી નહિ, સમર્થ દયા છે.

જ્યાં અન્યનો પ્રેમ એ નિષ્ઠુરતા હોય છે, ત્યાં તારી તો નિષ્ઠુરતા એ જ સમર્થ પ્રેમ હોય છે!



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફુલ્લ પ્રફુલ્લ શતદલ પદ્મ જે દિવસે પુરબહારમાં ખીલ્યું, તે દિવસે, અરે ! મારું મન તો કોણ જાણે ક્યાંનું ક્યાં ભટકતું હતું! અને મને તો એની કાંઈ ખબર પણ ન પડી.

મારી ટોપલી ખાલી પડી રહી, અને પુષ્પ પણ એમનું એમ પડ્યું રહ્યું ! માત્ર, એક કોઈક અકળ મનોદશા આવી જતી હતી, અને મને વારંવાર, કોઈક ન સમજી શકાય તેવો શોક થઈ આવતો હતો. હું જાણે કોઈ સ્વપ્નમાંથી જાગી જતો હતો. અને દક્ષિણાનિલની કોઈ વિચક્ષણ જેવી, મધુરસુવાસ લહરી, હું અનુભવતો હતો.

આ અનિશ્ચિત અકળ મધુરતાએ, મારા દિલને કોઈક અકથ્ય દર્દ આપ્યું. અને મને લાગ્યું કે એ તો ગ્રીષ્મ ઋતુનો ઉત્સુક અનિલ આવી રહ્યો છે, અને પોતાના જીવનપ્રવાસની સફળ સંપૂર્ણતાને શોધવા મથી રહ્યો છે! મને તો એ વખતે કાંઈ જ ખબર નહિ કે અકળ મધુરતા મારી પોતાની ને મારા સાન્નિધ્યની છે !

અને આ સંપૂર્ણ માધુર્ય, મારા પોતાની અંતરતમ ગુહામાં ખીલેલ શતદળપદ્મની પાંખડીઓનો, અનિલ સુવાસ વહે છે, એ છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૯૬]

મને પ્રેમથી નવરાવનારા, આ દુનિયાના મારા પ્રેમીજનો, મને બંધનમાં બાંધી લેવા માટે બધી રીતે પ્રયત્ન કરતા હોય છે!

પણ તારો પ્રેમ જુદો જ છે. એની રીત જ જુદી છે.

એમના પ્રેમ કરતાં એ વધુ મહાન છે, અને છતાં તું તો મને મુક્ત રાખે છે!

વખત છે, હું એમને ભૂલી જાઉં, એ ભયથી એ કદાપિ પણ મને એકલો રાખવા માગતા નથી! જ્યારે જુઓ ત્યારે એ મને વીંટળાઈ ને આસપાસ જ ફરતા હોય છે!

પણ તું તો તારા મહાન પ્રેમની પ્રતીતિ જાણે આ રીતે આપે છે — દિવસ ઉપર દિવસ જાય છે, પણ કોઈ દિવસ તું તો નજરે જ ચડતો નથી!

ન દેખાવું, એ તારા પ્રેમની એક અદ્‌ભુત રીત લાગે છે!

હું મારી પ્રાર્થનાઓમાં તને બોલાવું કે ન બોલાવું, હૃદયમાં રાખું કે ન રાખું, પણ તારા પ્રેમની રીત તો આ રીતે અનન્ય છે — તારો મારા પ્રત્યેનો પ્રેમ, પ્રતીક્ષા કરતો, હમેશાં જ મારા પ્રેમની રાહ જોતો, ત્યાં ઊભો જ છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે તેનાં શાંત નીરવ પગલાં સાંભળ્યાં નથી ?

એ પગલાં આવે છે, આવે છે, હમેશાં આવે છે.

દરેક પળે, દરેક યુગે, દરેક દિવસે, અને દરરોજ રાત્રે, એ આવે છે, આવે છે, હમેશાં આવે છે.

મારા મનની, અનેક મનોદશાની લહરીઓમાં મેં એનાં અનેક ગીતો ગાયાં છે, જુદી જુદી વખતે અને જુદી જુદી ઊર્મિઓમાં, પણ એમાંથી એક સ્થાયી સ્વર હમેશાં ઊભો થયો છે — એ આવે છે, એ આવે છે, હમેશાં આવે છે.

ગ્રીષ્મના સુગંધભર્યા સૂરજ પ્રકાશિત દિવસોમાં એ આવે છે — જંગલને માર્ગે થઈને, પણ એ આવે છે, આવે છે, હમેશાં આવે છે.

વર્ષાની ઘનઘોર રાત્રિના અંધકારમાં, એ વાદળાઓના ગર્જના કરતા રથ ઉપર આવે છે. પણ એ આવે છે, આવે છે, હમેશાં આવે છે.

શોક ઉપર શોકના જ્યારે ઘા પડે છે ત્યારે મારા હૃદય ઉપર એનાં એ પગલાં અંકિત થતાં હોય છે.

અને એની જ એ સોનેરી પાદ રજથી મારા અંતઃકરણની કરમાઈ ગયેલી આનંદવાટિકા, ફરી ફુલ્લ પ્રફુલ્લ બની જાય છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૯૮]

અ—રૂપનું સાંગોપાંગ નિષ્ક-લંક, એવું મોતી મેળવવાની આશામાં, હું રૂપના મહા-સાગરમાં ડૂબકી મારું છું. રૂપના મહાસાગરમાં જે અ—રૂપ મોતી બેઠું છે, એની શોધ માટે, આ ડૂબકી મારું છું.

કારણ કે ઋતુઓના આઘાત સહી સહીને જર્જરિત થઈ ગયેલી મારી આ નૌકાને હવે એક બંદરથી બીજે બંદર લઈ જવાનું શકય નથી.

સમુદ્રનાં મોજાંઓ ઉપર ઉછળતાં ઉછળતાં, આનંદ-રમ્મત માણતી જવી, મારા એ દિવસો, હવે વહી ગયા છે. હવે તો અમર્ત્યને કિનારે મારી જીવનનૌકાને ડુબાડી દેવાની ઉત્સુકતા હું સેવું છું. અમર્ત્યમાં, મૃત્યુ માણવાની તાલાવેલી જાગી છે.

અગાધ ખીણને કિનારે ઊભેલો એક દીવાનખંડ છે. ત્યાં અવાજહીન તારોમાંથી સંગીત રેલાય છે. ત્યાં મારી જીવનવીણાને હું લઈ જઈશ.

જે હમેશાં રહેવાના છે, એવા નિત્ય સ્વર, ત્યાં પ્રવર્તે છે. તે નિત્યસ્વરની સાથે મારી આ જીવનવીણાના તારને હું મેળવી દઈશ. અને જ્યારે એમાંથી કરુણગાનના છેલ્લામાં છેલ્લા આક્રંદ સ્વરો નીકળી જશે, ત્યારે એ નીરવ જીવનવીણાને, હું નીરવને ચરણે ધરી દઈશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૯૯]

મારી તને આ પ્રાર્થના છે

હે મારા પ્રભુ! મારા હૃદયની પામરતાને, જડમૂળથી ઘા કરીને ઉખેડી નાખ. મારા આનંદને તેમ જ શોકને હું તદ્દન સહેલાઈથી સહી શકું, એટલું બળ, મને દે.

શોક સહેવાનું જેને માટે શક્ય છે, એને માટે પણ, આનંદ સહેવાનું અઘરું છે મારા નાથ! એટલે હું પ્રાર્થું છું કે હું આનંદને સહી શકું એ બળ મને દે!

મારો પ્રેમ, મને કોઈ ને કોઈ સેવાના સફળ કાર્ય તરફ પ્રેરનાર બને, એવી શક્તિ મને આપ.

મને હે નાથ! આ બળ આપ, કે હું કોઈ ગરીબને તિરસ્કારું નહિ. અને મોટા ચમરબંધી ગર્વિષ્ટ ઉદ્ધતને ચરણે મારું માથું નમાવું નહિ.

નિત્યની નિર્માલ્ય વાતોથી પર રહેવાનું, મારા મનને હે પ્રભુ! તું સામર્થ્ય આપ. નિત્યની એ નિર્માલ્ય વાતોને પણ, હું મારા મન માટેની ઉન્નતિનું એક સોપાન બનાવી શકું, એવી શક્તિ મને તું આપ! અને છેવટે મને તું એ શક્તિ આપ, સ્વામી! કે મારું સામર્થ્ય, તારી ઈચ્છાને, પ્રેમથી અધીન થવામાં, પોતાની શક્તિની પરાકાષ્ઠા દેખે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૦૦]

કેટલી બધી પળો મેં ગુમાવી દીધી છે, એ વિષેનો, મારો શોક, મારું કોઈ કોઈ ક્ષણે અંતર કોતરી ખાય છે. પણ હે સ્વામી ! હું જાણું છું કે આંહીં એક પળ પણ ખોવાતી નથી ! તું દરેકે દરેક પળને તારી હાથદોરીએ હીંચોળી રહ્યો છે !

તું તમામ પદાર્થોના અંતરમાં બેસીને બીજને અંકુરમાં આવવાનું પોષણ આપે છે. કળીને પુષ્પ થવાનું પોષણ આપે છે. ફૂલોને ફળમાં પરિણમવાનું, પોષણ આપે છે.

હું તો થાકી ગયો હતો. મારી આળસુ પથારીમાં ઘેનમાં હતો. કલ્પના કરતો હતો કે બધું કામ બંધ થઈ ગયું, માર્યું ગયું !

પણ સવારમાં હું જાગ્યો, અને મારી ફૂલવાડીમાં રંગબેરંગી પુષ્પો પોતાની શોભા પાથરવા માટે આવી ગયાં હતાં !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૦૧]

હે સમયના સ્વામી! તારા હાથમાં અનંત પળોનો સમુદ્ર છલકી રહ્યો છે. તાર માટે થઈ ને તારી એક બે ક્ષણનો કોણ હિસાબ માંડવાનો હતો?

દિવસો અને રાત્રિઓ આવે છે, ને જાય છે. ફૂલોની પેઠે યુગો ખીલે છે, ને ખરે છે. તું કાલાતીત કાલની રાહ જોઈ શકે છે! એકાદ જંગલી ફૂલને સંસ્કાર ઓપ આપી દેતાં, તારા યુગના યુગ એક પછી એક આવે જાય છે!

પણ અમારે મન, પળ એ તો કાંઈની કાંઈ વાત છે! અમારે ક્ષણક્ષણને પકડી લેવી રહી! અમને અકિંચનને એક પળ, ગુમાવવી ભારે પડી જાય!

અને એ રીતે જે જે આવે, ને માગે, કામમાં રોકે કે હરકત કરે, તે દરેક ફરિયાદીને, હું મારી થોડી થોડી પળો આપી દેતો આવ્યો છું, અને પરિણામે તારા દ્વાર પર મૂકવાની પળો તો છેવટ સુધી રાહ જોતી રહે છે!

પછી દિવસને અંતે હું ભયમાં ને ભયમાં દોડું છું, રખે તારાં દ્વાર બંધ થઈ જાય. પણ તારી કેવી નિઃસીમ દયા? એ વખતે પણ હું જાણું છું કે હજી વખત છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૦૨]

જે મારા પ્રાણને, અગાધ ઊંડા ગુપ્ત સ્પર્શોથી જગાડે છે, તે જ એ છે, જે મારા હૃદયના ગુપ્તમાં ગુપ્ત દેશમાં છે.

તે જ એ છે જે, આ આંખોમાં જાદુ આંજે છે, જે હૃદયતંત્રીના તાર ઉપર આનંદથી રમે છે, અને સુખદુઃખના વિવિધ સ્વરો એમાંથી ઊભા કરે છે !

ઘડી ઘડી બદલાતા રૂપેરી, સોનેરી, આસમાની અને લીલા રંગોમાં માયાનું પટ એ વણે છે: અને તેના વિવિધ પટાંતરોમાંથી જરાક પોતાના ચરણ માત્રને દેખાવા દે છે. પણ એ ચરણનો સ્પર્શ થતાં તો જાતને જ ભૂલી જવાય છે !

દિવસો આવે છે ને જાય છે, યુગો જન્મે છે ને મરે છે.

પણ એ તો એ નો એ નિત્ય સ્થિત છે. મારા હૃદયને એ ચલાવે છે—અનેક નામોમાં, અનેક રૂપોમાં, અનેક વેશોમાં, અનેક આનંદોમાં, અનેક વિષાદોમાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૦૩]

હે પરમાત્મન્! તને મારું એક એવું નમન હો કે જે નમનમાં મારી બધી જ ઈંદ્રિયો તારા તરફ અભિમુખ બની વિસ્તરી રહો : અને તારા ચરણ સ્પર્શમાં દુનિયાનો સ્પર્શ પામો !

જેવી રીતે જળભર્યાં આષાઢી વાદળ નીચાં નમે, તેમ મારું સમગ્ર અંતઃકરણ તારા દ્વારે એક પ્રણિપાતમાં નીચે લળીલળી રહો !

મારાં બધાં જ ગીતોના વિવિધસ્વરો, એક અખંડ પ્રવાહમાં ભળીને, તારા મહાન મૌનસાગરને ચરણે, એક નમન રૂપે વહો !

પોતાને ઘેર પાછાં વળવાને માટે ઉત્સુક થયેલા હંસોનાં ટોળાં જેમ રાત અને દિવસ જોયા વિના પોતાની ડુંગરમાળા તરફ ઊડે છે, તેમ મારું સમગ્ર જીવન, પોતાના શાશ્વત શાંતિના ધામ તરફ જવા માટે, તને થતા આ એક પ્રણિપાતમાં જાણે, પોતાનું યાત્રા-પ્રયાણ સાધો !

पुस्तकालय गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂચન

આ ગીતોમાં, **૩** સાથે **૫૬**, **૩૪** સાથે **૪૯**, **૪૧** સાથે **૫૦** અને **૫૯** સાથે **૯૩** એ જોડકાં એક જ જેવાં છે. એ ચાર બેવડાયાં છે. એ રીતે જે ચાર ગીતો રહી ગયાં, તે પાછળનાં પૃષ્ઠોમાં આપેલાં છે. એક સમયે બેસીને, એક પછી એક લઈને અનુક્રમ સાચવવા કરતાં, મનમાં જે વખતે જે પ્રિય લાગે તે ક્રમને અનુસરતાં, ભૂલ રહી ગઈ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજકુમાર જેવા ઠાઠમાઠથી શણગારેલું શિશુ પોતાની રમતગમતની મજા ગુમાવી બેસે છે. હરક્ષણે એને આભૂષણ સાંભરી આવે છે. 'રમવા જતાં એ ક્યાંક બગડે નહિ !'

એ આભૂષણની સંભાળમાં ને સંભાળમાં એ બિચારું આઘુંપાછું ખસી શકતું નથી.

હે મા ! આ આભૂષણના ઠાઠમાઠે એને બિચારાને બંધન આપ્યું છે, અને તંદુરસ્તીની ધૂળભરી રમતમાં જતું રોક્યું છે. સૌની સાથે સામાન્ય આનંદવિનોદની, અને માનવજીવનમાં ભળી જવાની વાતમાંથી જે રોકે એ આભૂષણ શું કામનું ? એ ભળી જઈ શક્યું હોત, પણ આ ઠાઠમાઠી આભૂષણે એને એકલું કરી નાખ્યું છે.

આ તો તેં એને બંધન આપ્યું છે, મા ! આભૂષણ પહેરાવ્યું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારી પાસે, ગીતો ગાવા માટે હું આંહીં છું. તારા આ મહાન મહાલયમાં મને પણ એક ખૂણો મળી ગયો છે.

તારી રચેલી દુનિયામાં શું અધૂરું હોય કે મારે કામ કરવાનું રહ્યું હોય? કાંઈ જ કામ મારે કરવાનું નથી. એટલે મારી નિરુપયોગી જેવી જિંદગી કાંઈપણ હેતુ વિનાના રાગ આલાપ કાઢી શકે. એને માટે એ એક કામ શકય રહ્યું છે!

જ્યારે તારી મૌનપૂજા માટે મધરાતે, અંધાર મંદિરમાં ડંકો વાગે, ત્યારે હે મારા સ્વામી! આ જે કાંઈ રાગડા મેં કાઢયા હોય તે ધ્યાનમાં લઈને, તું મને ત્યાં તારી સમક્ષ ઊભો રહીને કાંઈક ગાવાનું કહેજે!

અને જ્યારે પ્રભાત સમયે, સુવર્ણરંગી વીણાના તારો મેળવાય, ત્યારે મને તારી સમક્ષ ઊભા રહેવા માટે આજ્ઞા કરવાનું મને માન આપજે, મારા નાથ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ દુનિયાની મહેફિલમાં મને પણ નોતરું મળ્યું છે, અને એ રીતે મારું જીવન ધન્ય બન્યું છે.

મારી આંખોએ તારી ભવ્યતા જોઈ છે, અને શ્રવણોએ એ સાંભળી છે.

મારું કામ તો આ મહેફિલમાં મારું વાજિંત્ર વગાડવાનું હતું, અને તે મેં યથાશક્તિ કર્યું છે.

હવે હું તને પ્રાર્થું છું મારા નાથ ! એ સમય આવ્યો છે, જ્યારે હું તારા ચહેરાની ઝાંખી કરી શકું અને તને મારા મૌન પ્રણિપાત અર્પી શકું !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



[૧૯]

મારા છેલ્લા ગીતમાં આનંદના મારા બધા સ્વરો રેલાઈ રહેજો—એ આનંદ, જે હરિયાળાં નીલક્ષેત્રમાં પૃથ્વીને નર્તન કરતી કરી મૂકે છે: એ આનંદ, જે જીવન–મૃત્યુ બે બાંધવાને વિશાળ જગતમાં નર્તન કરતાં શીખવે છે, જે પવનના તુમુલ તુફાન વખતે જીવનને જાગ્રત કરતો ખડખડાટ હસી પડે છે: એ આનંદ, જે દુ:ખના રક્ત રક્ત ગુલાબની પાંદડી ઉપર, છાનોમાનો અશ્રુમાળા લઈ ને બેસે છે: એ આનંદ, જે પોતાની પાસેનું બધું રાખોડીમાં વેરી નાખે છે: અને એ આનંદ જે શબ્દાતીત છે.

મારા છેલ્લા ગીતમાં એ આનંદ હજો !
વિલુપ્ત થઈ જવાનો મહા આનંદ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar